Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रीडितम्.

पूजामाचरतां जगत्त्रयपतेः संघार्चनं कुर्वतां ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपाकृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

"જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગત્પતિ જિનેશ્વરની પૂજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જન્મ સફળ છે."

પુસ્તક ૩૧ મું. માર્ગશીર્ષ સંવત ૧૯૭૨. વીરસંવત્ ૨૪૪૨. અંક ૯ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ મુક્તિવધૂને મનાવવા ભવ્ય જીવનો પ્રયત્ન. ... ... ૨૬૯
૨ જૈનોનો પ્રાચીન અર્વાચીન સમય. ૨૭૦
૩ વિષય-ભોગના પાસમાંથી કોણ કેવી રીતે બચી શકે? ... ૨૭૧
૪ ચેતી શકે તો ચેત, કાળ ઝપાટા દેત. ૨૭૨
૫ વૈરાગ્યજનક બોધવચન. ... ૨૭૩
૬ પવિત્ર ધર્મનો પ્રભાવ. ... ૨૭૪
૭ પાપસ્થાનકો સંબંધી ઉપદેશ... ૨૭૫
૮ સાધુ મર્યાદા પટ્ટક.... ... ૨૭૮
૯ સાધુ મર્યાદા પટ્ટક.... ... ૨૮૨
૧૦ અહિંસા પરમો ધર્મઃ ... ૨૮૫
૧૧ લક્ષ્મી સરસ્વતી સંવાદ. ... ૨૯૪
૧૨ પહોંચ અને અવલોકન. ... ૨૯૯
૧૩ અજારાપંચતીર્થી રિપોર્ટ ... ૩૦૦
૧૪ સમેતશિખર યાત્રાની સગવડ... ૩૦૦

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સર્વે મુનિમહારાજ પ્રત્યે વિજ્ઞપ્તિ.

શ્રી જૈન આગમોની વાંચના પાટણ ચાલતી હતી. ત્યાં ઘણા મુનિમહારાજાઓ તે આગમ વાંચનાનો લાભ લેતા હતા તે કારતક શુદ ૧૫ લગભગમાં પૂરી થવાથી એક મહિનાની રજા પડી છે. ફરી બીજી આગમ વાંચના માગશર વદ ૧ લગભગથી વૈશાખ શુદી ૧ સુધી માસ સાડા ચાર ચાલશે. બીજી આગમવાંચના અત્રે ( કપડવંજમાં ) કરાવવા માટે અત્રેના શ્રીસંઘ તરફથી ગૃહસ્થો પાટણ મુકામે વિનંતિ કરવા ગયેલા; તે વિનંતિ અમારા મહાભાગ્યોદયથી સ્વીકારવામાં આવી છે. માટે સર્વ મુનિ મહારાજાઓ પ્રત્યે અમો નમ્ર વિનંતિ કરીએ છીએ કે આપ સાહેબો આપના સમુદાય સહિત આ તરફ બીજી આગમની વાંચનાનો લાભ લેવા સારૂ વિહાર કરી માગશર વદી ૧ પહેલાં અત્રે પધારવા કૃપા કરશો. એજ વિનંતિ. લી૦ પેઢીના વહીવટ કરનાર સેવકો,

**બાલાભાઈ દલસુખભાઈ.**
**પરી રતનચંદ કુબેરદાસ.**
**શા. સાકરલાલ છગનલાલ.**

## ગ્રાહકોને નવી ભેટ.

ચાલુ વર્ષને માટે ભેટ આપવાના સંબંધમાં નિર્ણય કરવામાં આવ્યો છે. શ્રી સુમાદિ દેશના ભાષાંતર ભેટ આપવાનું ઠરાવ્યું છે. આ મૂળ ગ્રંથ ૨૪૦૦ શ્લોક પ્રમાણ છે. અત્યંત રસીક હોવા સાથે ઉપદેશક પણ છે. તેનું ભાષાંતર કરાવવામાં આવ્યું છે. બાઇંડીંગ પણ સારૂં કરાવવા ધારણા છે. બુક હાલ છપાય છે. આ બુકનો કુલ ખર્ચ ગણતાં તેટલો ખર્ચ એક વર્ષની ભેટપર કરી શકાય તેમ ન હોવાથી (માસિકમાંથી તેના અંકનું ખર્ચ પણ પૂરૂં નીકળતું ન હોવાથી) આ ભેટ બે વર્ષ માટે ભેળી ( કુવલયમાળા ભાષાંતરની જેમ ) ઠરાવવામાં આવેલ છે. તે ચત્ર માસમાં–નવા વર્ષમાં ભેટ મોકલવામાં આવશે, કારણ કે છપાઇ બંધાઇને ત્યારેજ તૈયાર થઇ શકે તેમ છે. આ સિવાય બીજી પણ એકાદ નાની ભેટ બે વર્ષની ભેળી ભેટ તરીકે આપવા ધારણા છે, તે હવે પછી પ્રકટ કરશું. ગ્રાહકોએ લવાજમ મોકલવાનું સ્મરણમાં રાખવું. આ બુકનો લાભ લવાજમ મોકલનારનેજ મળી શકશે એટલું ધ્યાનમાં રાખવું. લવાજમ મોડું પણ આપવું પડશે પણ પછી ભેટનો લાભ નહીં મળી શકે તે ભૂલી ન જવું. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशेनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन ।

उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિનાં વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને ( માતપિતાદિકને ) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો ( બંને પ્રકારનો ) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે—અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૧ મું. માર્ગશીર્ષ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. અંક ૯ મો.

## મુક્તિવધૂને મનાવવા ભવ્યજીવનો પ્રયત્ન.

### રાગ કાફી.

મુક્તિવધૂ શું રીસાણી? સમજ જરા સાનમાં શાણી. મુક્તિ૦
ભોગ તજી મેં યોગ ધર્યો વળી, તનની કરી બહુ હાણી;
રાજ અને સહુ કાજ તજ્યાં મેં, પ્યારી તજી પટરાણી;
ગણ્યા નહિ અન્ન ને પાણી. મુક્તિ૦ ૧.
જટા વધારી ને ભભુત લગાવી, અધર ધર્યા મેં [૧]પાણી;
સ્નાન અને શણગાર તજ્યા સહુ, એક લંગોટી મેં તાણી;
કરી ધનને ધૂળધાણી. મુક્તિ૦ ૨.

૧ હાથ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હેલ બગીચાની મોજ તજી મેં, દિલ દરકાર ન આણી,
વાસ કર્યો ગિરિગહ્વરમાં જઇ, પાસે ન કવડી[2] કાણી;
કહું કેટલી મુજ કહાણી. મુક્તિ૦ ૩.
ગ્રીષ્મ ઋતુના ભીષ્મ તાપમાં, મારી આ કાયા તપાણી,
શિશિરતણા અતિ શીતથકી એ, પર્ણની[3] જેમ સુકાણી;
તોએ ન પ્રિયા પરખાણી. મુક્તિ૦ ૪.
સંકટ સહુસ્ર સહ્યાં પણ તારી, પ્રસન્નતા ન જણાણી,
રત્નત્રયી વિણ શેષ રહ્યું શું ? કહે તે કરૂં પ્રિય જાણી;
શ્યામા શા માટે શરમાણી. મુક્તિ૦ ૫.

---

# જૈનોનો પ્રાચીન અર્વાચીન સમય.

## રાગ સોરઠ.

**વિમળા નવ કરશો ઉચાટ કે વહેલા આવશું રે—એ રાગ.**

વહાલા **વીરલઘુનંદન** અધમ દશા થઇ આપણી રે,
ક્યાં ગઇ ઉન્નતિ અધુના આવી પડતી પાપણી રે ! **વહાલા૦ એટેક**
**વીર**શાસન સુલતાન ધિરાજા, **શ્રેણીક ચેડાદિક** મહારાજા,
ગયો સમય સુખનો વળી આજ ન કોઈ ધણી રે. **વહાલા૦ ૧**
**સંપ્રતિરાજ** સમયની મોઝા, **જૈનધર્મના** ડંકા તાજા,
જૈનોમય **ભારત** ક્યાં આજ પ્રજા ગણી રે ! **વહાલા૦ ૨**
પ્રતિબોધક **કુમારનરિંદા,** કળિકાળ સર્વજ્ઞ સૂરીંદા,
જાહોજલાલી **હેમસૂરિ** વારે ઘણી રે. **વહાલા૦ ૩**
**જગડુ વિમળ ધન્નાદિક** શ્રેષ્ઠી, અગણિત કોટ્યાધિપની અસ્તી,
ક્યાં ચઢતી ક્યાં આજની દશા દયામણી રે ! **વહાલા૦ ૪**
હતી ઘણા જૈનોની વસ્તી, આજ રહ્યા મુઠિભર મસ્તી,
કાળે કાળે ઘટતી વસ્તી આપણી રે. **વહાલા૦ ૫**
ક્યાં પ્રાચીન અર્વાચીન વેળા, જોતાં આવે આંસુરેલા,
કારણ તપાસતાં ભૂલો થઈ છે ઘણી રે. **વહાલા૦ ૬**
પૂર્વે **શ્રાવક** ક્ષત્રી સોની, કણબી કુંભારાદિક જૈની,
આજ વણીક કુળ ધર્મ પડ્યો પારસમણિ રે. **વહાલા૦ ૭**
રહ્યો ધર્મ નહિ શૂરા સાથમાં, ગયો **રંકકંગાલ** હાથમાં,
વણીકરંક કર કેમ રહે ચિંતામણિ રે. **વહાલા૦ ૮**

---

૨ કોડી. ૩ પાંદડાની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ **મતભેદ** પડયા જિનધર્મે, વિપરીત આચારાદિક કર્મે,
કલેશ કુસંપમાં પડતી થઇ અતિ આપણી રે. **વહાલા૦ ૯**
બાળલગ્ન ને વૃદ્ધ વિવાહો, હાનિકારક રિવાજ રાહો,
ઉન્નતિક્રમના પંથે ભિંત આડી ચણી રે. **વહાલા૦ ૧૦**
મુનિગણ વિચરી દેશ વિદેશે, અન્ય કોમને જો ઉપદેશે,
**વીરવિચાર** તણી તો સો સુધરે અણી રે. **વહાલા૦ ૧૧**
ગ્રહસ્થ મુનિમંડળ થઇ ભેળા, પૂર્ણ વિચાર કરે એક વેળા,
**ગચ્છભેદ** તજી રચે પ્રબંધ પ્રભામણિ રે. **વહાલા૦ ૧૨**
પ્રસરે ધર્મ સ્વ અન્ય કોમમાં, કલેશ કુસંપ ન રહે રોમમાં,
ભાવી ઉન્નતિ **સાંકળચંદ** થશે ઘણી રે. **વહાલા૦ ૧૩**

# વિષય-ભોગના પાસમાંથી કોણ કેવી રીતે બચી શકે ?

## ( લેખક-સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી )

૧. સ્ત્રીઓના કટાક્ષ-બાણ જેના ચિત્તને ક્ષોભ પમાડતા નથી, અને કોપાગ્નિનો તાપ જેના ચિત્તને બાળી દેતો નથી તથા વિવિધ વિષયો લોભરૂપ પાશોવડે જેનું ચિત્ત ચળાયમાન કરતા નથી તે ધીર-વીરપુરૂષજ વિષયના પાસલામાંથી બચી શકે છે અને સમસ્ત જગતને જીતી શકે છે.

૨. હરિ, હર અને બ્રહ્માને જેણે સ્ત્રીઓના કાયમ માટે ગુલામ બનાવ્યા એવા અકથ્ય ચરિત્રવાળા કામદેવની કેટલી શક્તિ છે ? એનાથી જે આત્મા પોતાનો બચાવ કરે છે તેજ ખરેખરા શૂરવીર સમજવા.

૩. હાસ્યવડે, હાવભાવવડે, લજ્જાવડે, બ્હીકવડે, વચનવડે, ઇર્ષ્યા અને કલહવડે, લીલાવડે, અને વાંકી અર્ધ કટાક્ષ ભરી દૃષ્ટિવડે, સમસ્ત રીતે સ્ત્રીઓ ખરેખર બન્ધનરૂપ છે.

૪. સ્ત્રીઓને સદા ' અબળા ' કહેનારા કવિઓ ખરેખર ગેરસમજવાળા જણાય છે. કેમકે જેમણે ચપળ કટાક્ષ પાતવડે ઇન્દ્રાદિકને પણ સ્વવશ કરી લીધા તે સ્ત્રીઓ અબળા શી રીતે કહેવાય ?

૫. દૃષ્ટિપાતયોગે જે ચિત્તને હરી લે છે, સ્પર્શનયોગે બળને હરી લે છે અને સંભોગયોગે વીર્યને હરી લે છે તે નારી પ્રત્યક્ષ રાક્ષસીરૂપ સમજવી. તેવી સ્ત્રીમાંજ સાર સમજનાર કેવા મુગ્ધ છે ?

૬. માતા, બ્હેન કે પુત્રી સંગાતે એકાન્ત વાસ કરવો યુક્ત નથી, કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપળ અને વક્ર તુરંગ જેવી ઇન્દ્રિયો વિદ્વાનને પણ અવળે માર્ગે ખેંચી જાય છે. તેમને સારી રીતે દમી લગામમાં રાખનારજ સુખી થાય છે.

૭. વિષય ભોગ ભોગવતાં મીઠાં લાગે છે, પણ પાછળથી તે કિંપાકના ફળની પેરે માઠું પરિણામ લાવે છે, જેમ તે વિષય ભોગમાં ખસ-ખુજલી પેરે મિઠાશ લાગે છે પણ પરિણામે તેથી તીવ્ર વેદના સહન કરવી પડે છે. વળી જેમ મધ્યાન્હ સમયે મુગ્ધ મૃગલાં તરસ્યાં થયા છતાં ઝાંઝવાના જળ દેખી દોડે છે પણ પરિણામે તેથી તે ભારે દુઃખી થાય છે તેમ વિષયસુખની વાંચ્છાથી પણ દુઃખજ પ્રાપ્ત થાય છે અને મોહ-અજ્ઞાનવશ વિવિધ વિષયો રંગભર ભોગવ્યા થકી તો ચોરાશી લક્ષ ગહન જીવયોનિમાં જન્મમરણનાં અનંત દુઃખ સહવા પડે છે તેથી તેમાં ફસાવું નહિ. **ઇતિશમ્**

---

# चेती शके तो चेत, काळ झपाटा देत.

## ( લેખક—સુ. ક. વિ )

૧. જરા (વૃદ્ધ) અવસ્થા તાડુકતી સામી ઉભી છે, રોગો શત્રુઓની જેમ દેહનો ક્ષય કરી રહ્યા છે; અને આયુષ્ય કાણા ઘડામાંથી જળની જેમ ખુટતુંજ જાય છે તોપણ લોકો હિતમાર્ગની ઉપેક્ષા કરી અહિત આચરે છે તે આશ્ચર્યકારક છે !

૨. લક્ષ્મી જળ તરંગની જેમ ચંચળ છે, યૌવન પતંગના રંગની જેમ જોત જોતામાં વહી જાય છે, અને આયુષ્ય શરદ્ ઋતુના વાદળની જેમ વધારે વખત ટકે એવું નથી તો પછી અસ્થિર ધન પાછળ શા માટે દોડ્યા કરો છો? ખરૂં ધર્મ-ધન કમાવા ઉદ્યમ કરો.

૩. જન્માન્ધ કશું દેખતો નથી, કામાન્ધ તેથી પણ આકરો હોવાથી ગુણ દોષ જોઇ શકતો નથી. અને મદોન્મત્ત કંઇ પણ આગું પાછું-હિતાહિત જોઇ શકતો નથી, તેમ અર્થી દોષને જોઇ શકતો નથી.

૪. અતિ રૂપથી સીતા સતીનું હરણ થયું, અતિ ગર્વથી રાવણ માર્યો ગયો, અને અતિ દાનથી બલિ રાજા બંધાયો; માટેજ અતિ સર્વત્ર વર્જતાનું કહ્યું છે. અતિ સાહસ કરવાથી જીવ અણધારી આફતમાં આવી પડે છે.

૫. છતે કાને જે હિત વચન શ્રવણ ન કરે તેને બ્હેરોજ સમજવો.

૬. છતી આંખે જે ન કરવા યોગ્ય અકાર્ય કરે તેને અંધજ સમજવો.

૭. છતી જીભે જે અવસરોચિત વચન બોલી ન જાણે તેને મૂંગો સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. ક્ષમાયુક્ત શૌર્ય, ગર્વ રહિત વિદ્યા, પ્રિય વચન સહિત દાન, ત્યાગ (દાન) વૃત્તિવાળું વિત્ત એ ચાર ભદ્ર પામવાં દુર્લભ છે.

૯. પ્રવહણની પેરે તરણતારણ શ્રી સદ્ગુરૂનું શરણ લઇ તેમનાં આજ્ઞા -વચનને પ્રાણની જેવાં વ્હાલાં કરી આદર.

૧૦. દુર્લભ મનુષ્ય જન્મ પામીને જેમ બને તેમ જલ્દી સ્વપર હિત કરી લેવું એજ સાર છે, પ્રમાદવશવર્તી પ્રાણીઓને 'લગ્ન વેળા ગઈ ઉંઘમાં, પછી ઘણો પસ્તાય ' એવું થાય છે.

૧૧. દુનિયામાં ભારેમાં ભારે ભય પ્રાણીઓને મરણનો લાગે છે. વિષય, કષાય અને વિકથાદિ પ્રમાદથીજ જીવને જન્મ મરણ કરવાં પડે છે. શુદ્ધ વૈરાગ્ય ભાવથીજ ભય દૂર નાસે છે. ઇતિશમ્.

## वैराग्यजनक बोधवचन.

(લેખક મુ. ક. વિ.)

૧. જળથી ભરેલી અંજલિની પેરે આયુષ્ય ક્ષણ ક્ષણ ખૂટતુંજ જાય છે, એમ સમજી જેમ બને તેમ જલ્દી ચેતી નિજ હિત સાધી લે. જોતજોતામાં બધું આયુષ્ય ખૂટી જશે.

૨. જ્યાં સુધી જરા આવી પહોંચી નથી, વ્યાધિ વધી પડ્યો નથી, અને ઇન્દ્રિયો ક્ષીણ થઈ નથી ત્યાં સુધી આત્મહિત કરી શકીશ.

૩. જળમાં ઉઠતા તરંગની જેમ લક્ષ્મી ચપળ છે, યૌવન પતંગના રંગની જેવું ટકી રહેનાર નથી, અને આયુષ્ય શરદના વાદળ જેવું અસ્થિર છે, તો પછી લક્ષ્મી પાછળ શા માટે ફોગટ દોડાદોડ કરે છે. પવિત્ર ધર્મનું સેવન કરી લે.

૪. આ શરીરને ગમે તેટલું પોષ્યું છતું છેવટે તે ભૂંડે હાલે પડે છે, તો પછી તેને માટે નકામા ઔષધ ભેષજ કરી તું શા માટે કલેશ પામે છે? ખરૂં નિરોગી કરનાર ધર્મ રસાયન પીને સુખ શાંતિ મેળવ.

૫. જે તું આજે નજરે દેખે છે તે કાલે દેખી શકાતું નથી, એટલે તે નષ્ટ થઇ જાય છે, તો પછી તેવી અસ્થિર, અનિત્ય વસ્તુ ઉપર નકામી મમતા રાખીને તું શા માટે દુઃખી થાય છે. જે કંઈ દૈવયોગે મળ્યું છે, તેનો જેમ બને તેમ જલ્દી સદ્ઉપયોગ કરી લઈ તું સુખી થા.

૬. જેને અંતરનું વાસ્તવિક સુખ સમજાયું નથી તે બાહ્યવસ્તુને જોઈ હર્ષ ઘેલો થઇને એનેજ રમણીય માને છે. જેણે જ્યાં સુધી ક્યાંય ઘી જોયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આસ્વાદ્યું નથી તેને ત્યાં સુધી તેલ જ મીઠું લાગે છે. મિથ્યા ભ્રાન્તિથી ખોટી વસ્તુ પણ ખરી લાગે છે.

૭. ધર્મના પ્રભાવથી ભોગ સામગ્રી પ્રાપ્ત થાય છે, ધર્મનાજ પ્રભાવથી સુખસંપદા પ્રાપ્ત થઇ શકે છે, ધર્મનાજ પ્રભાવથી સ્વર્ગ, મોક્ષ અને લક્ષ્મી મળે છે, તેથી ધર્મ કલ્પવૃક્ષ સમાન છે. દુનિયામાં અનુભવાતા દરેક દુઃખ અધર્મથી જ પ્રાપ્ત થાય છે એમ સમજી સુજ્ઞ જનો જાગૃત થઇ ધર્મનુંજ સેવન કરે છે.

ઇતિશમ્.

# પવિત્ર ધર્મનો પ્રભાવ.

( લેખક મુ. ક. વિ. )

**દાન**—નિઃસ્પૃહપણે યોગ્ય પાત્રને નિર્દોષ દાન દેવાથી તે સ્વપરને ઘણુંજ હિતરૂપ થાયછે, તેથી અન્યના ગુણની રક્ષા અને પુષ્ટિ થાય છે અને તેના અનુમોદનથી પોતાનામાં પણ એવાજ ઉત્તમ ગુણોની યોગ્યતા આવે છે. ખરી તકે ખરા દીલથી દેવાયેલું દાન ખરેખર ઉગી નીકળે છે. અભયદાન, સુપાત્રદાન અને અનુકંપાદાનાદિકમાં જેથી જીવ જન્મ મરણના સકળ ભયથી મુક્ત થઇ જાય એવું જ્ઞાન દર્શન અને ચારિત્રનું દાન સર્વોત્કૃષ્ટ જાણવું. એવું દાન ભાગ્યશાળી જનોજ દઇ લઇ શકે છે.

**શીલ**—સદાચારના અનેક ભેદો કહેલા છે. લોકપ્રવાહમાં નહિ તણાતાં પાંચે ઇન્દ્રિયોનું દમન કરવું, સકળ જીવની રક્ષા કરવી, મન, વચન અને કાયાને કાબુમાં રાખવા, તથા ક્ષમાદિ દશવિધ ધર્મનું સેવન કરવું, ફક્ત સદાચાર પાળવો, પળાવવો અને પાળનારને અનુમોદન આપવું, વિષય તૃષ્ણા દૂર કરી સંતોષવૃત્તિ ધારવી, નેત્રાદિકથી વિકાર નહિ સેવતાં સાવધાનપણે મન, વચન, કાયાથી પવિત્ર વૃત્તિ ધારવી, એ રૂપ શીલ ખરેખર ભાઇ બ્હેનોને ભારે ભૂષણરૂપ લેખાય છે. શીલથી અલંકૃત સજ્જનોને દેવતાઓ પણ પ્રણામ કરે છે તો બીજાઓનું કહેવુંજ શું ? શીલ ગુણથી સકળ સંકટો દૂર નાશે છે અને સુખ સંપદા આવી મળે છે.

**તપ**—સમતા સહિત નિરીચ્છક ભાવથી કરેલા તપવડે નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે. તપથી અનેક પ્રકારના વ્યાધિઓનો અંત આવે છે અને ઉપદ્રવો ઉપશાન્ત થાય છે. જેમ અગ્નિના સખત તાપથી સુવર્ણની શુદ્ધિ થાય છે તેમ પ્રબળ તપના પ્રભાવથી આત્મા શુદ્ધ–નિર્મળ થાય છે. સંયમથી કર્મનો નિરોધ થાય છે અને તપથી પૂરાણા કર્મનો ક્ષય થાય છે. એટલા માટે તીર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર દેવોએ પણ ઉક્ત તપનું સેવન કરેલું છે અને અન્ય જનોના હિત અર્થે ઉપદીશ્યું છે. તપથી અનેક પ્રકારની લબ્ધિઓ ઉપજે છે.

**ભાવ**—લૂણ વગરની રસોઇની પેરે ભાવ ( રૂચિ ) વગરની ધર્મકરણી લૂખી લાગે છે, અને ભાવ સહિત કરેલી દાન-શીલ-તપકરણી સઘળી લેખે લાગે છે. તેથી ભાવજ સર્વ કરતાં પ્રધાન છે. મૈત્રીભાવ, મુદિતાભાવ, કરૂણાભાવ અને માધ્યસ્થભાવથી કરેલી ધર્મકરણીવડે જીવ સદ્દગતિ સાધી શકે છે. મોક્ષસુખ મેળવવા ઇચ્છતા સજ્જનો સહુ સંગાતે મૈત્રીભાવ ધારી સહુનું હિતજ ઇચ્છે છે. સદ્દગુણી જનોના સદ્દગુણોની અનુમોદના કરે છે. દુઃખી જનોનાં દુઃખ દેખી તેમને દુઃખથી મુક્ત કરવા પ્રયત્ન કરે છે અને તેવા નીચ નાદાન પ્રાણી ઉપર પણ રાગ દ્વેષ નહિ લાવતાં સમભાવ ધારી સ્વપરહિત સાધે છે.

# पापस्थानको संबंधी उपदेश.

## ( લેખક મુ. ક, વિ )

જેમાં અનેક પાપનો સમુદાય આવી મળે છે અને જેથી આત્મા અત્યંત મલીન થાય છે તેને જ્ઞાની જનો પાપસ્થાનક કહી બોલાવે છે. ૧ પ્રાણાતિપાત (જીવહિંસા), ૨ મૃષાવાદ (અસત્ય), ૩ અદત્તાદાન (ચોરી), ૪ મૈથુન ( વિષયભોગ ), ૫ પરિગ્રહ ( મૂર્છા-મમતા ), ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, દ્વેષ, ૧૨ કલહ ( કલેશ કંકાસ ), ૧૩ અભ્યાખ્યાન (ખોટાં આળ ચઢાવવાં), ૧૪ પૈશુન્ય ( ચાડી ખાવી ), ૧૨ રતિ અરતિ ( હર્ષ શોક ), ૧૬ પરપરિવાદ ( પારકી નિંદા ), ૧૭ માયા મૃષાવાદ (કરવું કંઈ અને કહેવું કંઇ-દાંભિક ક્રિયા કરવી) ને ૧૮ મિથ્યાત્વ શલ્ય (અતત્ત્વ શ્રદ્ધા-અસ્થાને શ્રદ્ધા) એ અઢાર પાપસ્થાનકોને દુર્ગતિના દાતાર જાણી પરિહરવા યોગ્ય છે. સાંસારિકને અનેક પ્રસંગો એવા આવી પડે છે કે જેમાં જાણતાં કે અજાણતાં મોહવશ જીવોવડે પાપસ્થાનકો સેવાય છે. જેમ મદિરાના નિશામાં બેભાન સ્થિતિને લીધે જીવને હિતાહિતનું કે કર્તવ્યાકર્તવ્યનું કશું ભાન રહેતું નથી તેમ મોહ અને અજ્ઞાન વશ જીવોને પણ તથાપ્રકારનું પુન્ય પાપનું ભાન નહિ હોવાથી તેઓ જાણતાં અજાણતાં અનેક પાપસ્થાનકો સેવે છે અને પરિણામે ઘણાં દુઃખી થાય છે.

ઉક્ત પાપસ્થાનકોવડે અનેક જીવોને પ્રગટ દુઃખી થતાં જાણીને તેમજ તેવડે દુર્ગતિ પ્રાપ્ત થાય છે અને ત્યાં બહુ કડવાં દુઃખ ભોગવવાં પડે છે એવાં જ્ઞાનીનાં વચનો સાંભળીને સુજ્ઞ જનો ચેતી તે તે પાપસ્થાનકોથી પાછા ઓસરે છે અને કદાચ તેમનાથી તેવું કોઈ પાપસ્થાનક સેવાઈ જાય છે તો તેને માટે પશ્ચાતાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી માફી માગી ફરી તેવું પાપસ્થાનક ન સેવવા લક્ષ્યમાં રખાય છે, તો તેથી પરિણામે બચી જવાનું બને છે. તેનું કંઇક પૃથક્કરણ કરવાથી તેનું રહસ્ય સુજ્ઞજનો સમજી શકશે એવા શુભ આશયથી અત્ર તેનું આલેખન કરવા યત્ન કર્યો છે.

૧. મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથાદિ પ્રમાદને વશ થઈ મન વચન અને કાયાને મોકળા મૂકવાથી જે સ્વપરના દ્રવ્યભાવ પ્રાણની હાની થાય છે તે પ્રાણાતિપાત કહેવાય છે, તેથી વિરમી પ્રમાદ દોષ તજી સ્વપરના દ્રવ્યભાવ પ્રાણની રક્ષા કરવી યુક્ત છે.

૨. ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી મૃષા–અસત્ય બોલવાથી પરિણામે સ્વપરના પ્રાણની હાની થવા પામે છે એમ સમજી અન્યને પ્રિય અને હિતરૂપ થાય એવું સત્ય ભાષણજ કરવું.

૩. પૈસો અગીયારમો પ્રાણ લેખાય છે. તેનું હરણ કરી લેતાં સામાના પ્રાણ હરી લેવા જેવું થાય છે. તેથી તેવી અનીતિ નહિ આચરતાં ન્યાય–નીતિથી પ્રમાણિકપણે નિજ નિર્વાહ કરવો યુક્ત છે.

૪. રાગાદિક વિકાર વશ બની વિષય ક્રીડા કરવારૂપ મૈથુન સેવવાથી અનેક જાતની હાનિ થવા પામે છે એમ સમજીને વિષયઆસક્તિ તજી સુશિલતા આદરવા ઉજમાળ રહેવું યુકત છે.

૫. દ્રવ્યાદિક જડ વસ્તુ પર મૂર્છા–મમતા ધારી રાખવાથી આત્મા વિવેક ભ્રષ્ટ બની જડ જેવો થઇ જાય છે એમ વિચારી પરિગ્રહ મમતા તજી, પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ કરી લેવો યુક્ત છે.

૬–૭–૮–૯ ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રનો નાશ કરે છે અને લોભ એ સર્વનો નાશ કરે છે. ક્ષમાવડે ક્રોધને જીતવો, મૃદુતા–નમ્રતાવડે માનને જીતવો, સરલતાથી માયાને જીતવી અને સંતોષવડે લોભને જીતી લેવો જોઇએ. એ ચારે કષાયને ચંડાળ ચોકડી કહી બોલાવવામાં આવે છે, અને તે સંસારની વૃદ્ધિનાં મૂળ છે. તેથીજ તેમનું નિકંદન કરવું યુક્ત છે. એ ચારેને સર્વથા જીત્યા વગર કદાપિ મોક્ષ થતોજ નથી.

૧૦–૧૧–રાગ અને દ્વેષથી જીવ નિજ સ્વરૂપને ( સમભાવને ) ભૂલી જઈ પરવશ થઇ એકને મિત્ર અને બીજાને શત્રુ લેખે છે. એ બંને પાપસ્થાનકોને તજી સમતા ગુણને આદરી સહુ ઉપર સમાનભાવ રાખી જીવ સુખી થાય છે. સમતા ગુણવડેજ જીવની સિદ્ધિ થઈ શકે છે.

૧૨. સહનશીલતાની ખામીથી કલેશ–કુસંપ યા કલહ પેદા થાય છે અને સહનશીલતાવડે તેવા કલેશ–કુસંપનો અંત આવે છે, તેથી જ્યારે કોઇ અગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય ત્યારે બીજાએ પાણી થવું જોઈએ. વૈર વિરોધ શમાવે એજ શાણો છે અને જે વૈર વિરોધ વધારે તે નારદ જેવો કલેશી છે એમ જાણવું.

૧૩. પૂરતી તપાસ કર્યા વગર કોઈના કહેવા માત્રથી કે ઉપર-ટપકે જોવાં માત્રથી કોઈ ઉપર ખોટો આરોપ મૂકવો-(ન્હાનું મ્હોટું આળ ચઢાવવું) એ કેટલું બધું અનુચિત છે? આપણી ઉપર ખોટો આરોપ આવવાથી આપણને જેટલું દુઃખ થાય તેટલું બીજાને પણ થાય એમ વિચારી એવા સાહસથી ડરવું જોઇએ.

૧૪ કોઈનું ગુહ્ય-રહસ્ય જાહેર કરી દેવારૂપ ચાડી ખાવાની બૂરી ટેવથી ઘણી વખત જીવ જોખમમાં આવી પડે છે. કોઈનું અહિત કરવાની કુબુદ્ધિથી ગુહ્ય-રહસ્ય પ્રકટ કરવાવડે કઇંક વખત સ્વપરના પ્રાણની હાનિ થવા પામે છે, માટે એવી બૂરી ટેવ વર્જવા યોગ્ય છે. પરને અપાય (હાનિ) કરવા પ્રવર્તતાં આપણનેજ પહેલાં હાનિ થવા પામે છે એ યાદ રાખવું.

૧૫ પૂર્વકૃત કર્મયોગે પ્રાપ્ત થયેલા સમ વિષમ (અનુકૂળ પ્રતિકૂળ) સંયોગો સમયે રતિ-અરતિ (હર્ષ-ખેદ) કરવાથી લાભને બદલે હાનિજ થાય છે, તેથી નવાં કર્મ બંધાય છે અને સંસારચક્રમાં રખડપાટી કરવી પડે છે. પણ તેવે પ્રસંગે સમભાવ રાખી, ધીરજ, ધરી નિજ કર્તવ્યકર્મ કરવામાં આવે છે તો તેથી ઉદયાગત કર્મ ભોગવાઈ ખરી જાય છે અને ભવિષ્ય માટે માર્ગ સરલ થઇ શકે છે.

૧૬. પરની નિંદા કરવાનોજ ધંધો લઈ બેસનારને શાસ્ત્રકાર કર્મચંડાળ એટલા માટે ગણે છે કે તેથી તે બાપડો પોતાના આત્માને મલીન કરી નરકાદિ દુર્ગતિમાં જઈ અથડાય છે. જાતિચંડાળ તો કોઇક સત્સમાગમાદિ યોગે સદ્બોધ મેળવીને તરી પણ જાય છે, પરંતુ કર્મચંડાળ સંસારમાંજ ડુબ્યા કરે છે. જાતિ-ચંડાળ ફક્ત પશુઓનોજ વધ કરે છે, પણ કર્મચંડાળ તો સંત-સાધુજનોને પણ ગણતો નથી. તેથી તે બાપડો બહુકાળ સંસારચક્રમાં જન્મ મરણના ફેરા કર્યાજ કરે છે.

૧૭. 'હાથીના દાંતની જેમ દેખાડવાના જુદા અને ચાવવાના જુદા' એ ન્યાય 'કરવું કંઈ અને કહેવું કંઇ' એવી કપટકરણી કરનારને લાગુ પડે છે. તે બેધારી ખડ્ગની જેમ ઘાતકારક છે, વકરેલી વાઘણની જેમ અનર્થકારક છે અને શસ્ત્રને અવળું ધારી પોતાનુંજ મસ્તક કાપવા જેવું છે. ધર્મના અર્થીજનોએ એ મહાન્ દોષ અવશ્ય વર્જવા યોગ્ય છે.

૧૮. તત્ત્વશ્રદ્ધાનો અભાવ અથવા અતત્ત્વશ્રદ્ધા (શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ ઉપર શ્રદ્ધાનો અભાવ અને કુદેવ. કુગુરૂ અને કુધર્મ ઉપર શ્રદ્ધા) અથવા આત્માની શક્તિ-સમૃદ્ધિ ઉપર અવિશ્વાસ અને દેહાદિક જડ વસ્તુઉ પર શ્રદ્ધારૂપ

For Private And Personal Use Only

મિથ્યાત્વ મહાશલ્યની પેરે દુઃખદાયક છે. જ્ઞાન અને વિવેકની ખામીથી મિથ્યાત્વ તિમિર પ્રસરે છે અને જ્ઞાન અને વિવેકના ઉદયથી તે મિથ્યાત્વ દોષ દૂર થતા જાય છે. રાગ દ્વેષ યા કષાયની મજબુત ગાંઠ અપૂર્વ વિર્યોલ્લાસથી તોડવાવડે સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે. તેના અનેક પ્રકાર છે. એક વખત સમ્યક્ત્વ આવ્યા (ફરસ્યા) પછી જીવને સંસારમાં વધારે લાંબો વખત ભમવું પડતું નથી.

ઉક્ત અઢાર પાપસ્થાનકોથી પાછા ઓસરવાને સુજ્ઞ જનોએ ભારે કાળજી રાખવી જોઇએ. પોપટની જેમ પાપસ્થાનકની પાટી બોલી જવા માત્રથી કશું વળતું નથી. જે જે પાપસ્થાનક જાણતાં અજાણતાં સેવાયું હોય તે ફરી ન સેવાય એવી ચીવટ રાખવી જોઇએ.

ઇતિશમ્.

## સં. ૧૬૭૭ ના વૈશાખ શુદિ ૭ બુધવારે પુષ્ય નક્ષત્રે શ્રી સાબલી નગરે શ્રી વિજયદેવ સૂરિ નિર્મિત

# સાધુ મર્યાદા પટ્ટક.

ભટ્ટારક શ્રી આનંદવિમળસૂરી, ભ૦ શ્રી વિજયદાનસૂરિ, ભ૦ શ્રી હીરવિજય સૂરિ અને ભ૦ શ્રી વિજયસેનસૂરિ પ્રમુખ સમસ્ત ગચ્છનાયકોએ પ્રસાદિત કરેલા જે સાધુ સાધ્વીની મર્યાદાના પટ્ટો, તેમાંથી તેમજ નવ બોલમાંથી કેટલાક બોલ આ નીચે લખ્યા છે તે બોલ તથા બીજા જે મર્યાદાના બોલ લખ્યા છે તે બોલ સમસ્ત ગીતાર્થે તથા સાધુ સાધ્વીએ રૂડી રીતે પાળવા. જે ન પાળે તેને યથોચિત પ્રાયશ્ચિત દઇને આ મર્યાદા રૂડી રીતે પળે તેમ કરવું

૧. માસકલ્પની મર્યાદાએ ગીતાર્થે વિહાર કરવો અને વખાણનો વિધિ સચવાવવો. વ્યાખ્યાનાદિક પણ માસકલ્પની મર્યાદાએ કરવું. માસકલ્પ પૂરો થયા પછી બીજા પન્યાસ ન હોય તો ગણેશે (ગણિએ) પણ વ્યાખ્યાનાદિ વિધિ સાચવવો.

આ મર્યાદા આચાર્ય ઉપાધ્યાય વિના બીજા સમસ્ત યતિએ રૂડી રીતે પાળવી.

૨. સમસ્ત યતિએ માંડલે પ્રતિક્રમણ કરવા આવવું. બાધાનું કારણ હોય તો પૂછ્યા વિના સર્વથા ન રહેવું. અને દહેરાની સામગ્રી છતે દેવ જુહારવા દિન પ્રત્યે અવશ્ય જવું.

૩. છ ઘડીની અંદર કોઇએ બહાર ન નિકળવું. કોઇ પ્રબળ કારણે નીકળવું પડે તો ગુરૂને પૂછીને જવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. ગચ્છ બહાર કરેલા દર્શની[1] સાથે કોઇએ ન બોલવું. જરૂરનું કામ હોય તો ગુરૂને પૂછીને જેમ તે કહે તેમ કરવું.

૫. વહોરવા જતાં અથવા બીજે કામે બહાર જતાં માર્ગે કોઇએ સર્વથા ન બોલવું. કદાચિત્ બોલવાનું કાર્ય હોય તો એક બાજુ ઉભા રહીને બોલવું.

૬. રાત્રિએ પૂંજ્યા વિના સર્વથા ન ચાલવું.

૭. ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વિના) સર્વથા કોઇ મુનિએ ન બોલવું.

૮. દુઃખક્ષય–કર્મક્ષય નિમિત્તે દરરોજ ૧૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

૯. પ્રતિક્રમણ કર્યા પછી ત્યાંજ જે ગણવું હોય તે ગણવું અને સંથારા-પોરિસી ભણાવ્યા પછી પોતાના સ્થાનકે જવું.

૧૦. મધ્યાન્હની [2]માંડલીએ બેઠાવિના ૪ દ્રવ્ય ઉપરાંત ન લેવું, કારણે ગુર્વાદિકને પૂછીને તે કહે તેમ કરવું.

૧૧. પ્રતિક્રમણ ઠાયા પછી इच्छामो अणुसट्ठिं સુધી પ્રતિક્રમણમાં ન બોલવું.

૧૨. પાંચ પર્વી કોઇએ વસ્ત્ર ન ધોવાં.

૧૩. આહાર કરતાં કોઇએ ન બોલવું. બોલવાનું કામ પડે તો પાણી પીને બોલવું.

૧૪. રાત્રિએ પાણી ન રાખવું. બાધાદિકને કારણે વડેરાને પૂછીને તે કહે તેમ કરવું.

૧૫. નિવિયાતું ઘી ગુર્વાદિકને દેખાડ્યા વિના કોઇએ ન લેવું. ગુર્વાદિકે પણ પરીક્ષા કરીને સૂધું નિવિયાતું જણાય તો લેવાની આજ્ઞા દેવી.

૧૬. સવારને પડિક્કમણે તથા સાંજને પડિક્કમણે નમુથ્થુણં કહેવા પહેલાં સર્વ સાધુએ માંડલીમાં આવવું.

૧૭. સાધુએ સર્વથા વસ્ત્ર ન ધોવાં.

૧૮. આહારાદિ લેવા પોતાની [3]હીંડીમાં જવું, પારકી હીંડીમાં ન જવું. કદાચિત્ ઔષધાદિક કારણે જવું પડે તો હીંડીના ધણીને સાથે તેડીને જવું.

૧૯. દરરોજ એક ગાથાદિ કાંઈ પણ ભણવું, ન ભણે તો શાકનો નિષેધ કરવો.

૨૦. એક સંઘાડાના સાધુએ પોતાના ગુરૂને પૂછ્યા વિના બીજા સંઘાડાના સાધુ સાથે ન જવું. બીજાએ પણ તેના ગુરૂને પુછ્યા વિના પોતાની સાથે લઈ ન જવો.

૨૧. સર્વ મુનિઓએ તિવિહાર બિયાસણું દરરોજ કરવું, પંન્યાસે તિવિ-હાર એકાસણું કરવું. શરીરાદિ બાધાને કારણે ગુરૂ કહે તેમ કરવું.

૨૨. પ્રભાતના પડિક્કમણા અગાઉ તથા પડિલેહણ અગાઉ પાટ ઉંચી કરવી.

૨૩. કોઇ સાધુ સાધ્વીએ કોઈ પણ સ્થળે એકલા ન જવું. મોટે કારણે વડા કહે તેમ કરવું.

---

૧ સ્વપક્ષી સાધુ. ૨. આહાર કરવા બેસવાની. ૩. ઘર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૪. સાધ્વીએ વ્યાખ્યાનના વખત સિવાય મુનિ પાસે ન આવવું. યતિએ પણ સાધ્વી પાસે ન જવું

૨૫. સર્વ યતિએ સાધ્વી કે શ્રાવિકા સાથે આલાપ સંલાપ કોઇ પ્રકારનો ન કરવો.

૨૬. પંન્યાસે પગ ધોવા, પણ મુખાદિક ન ધોવાં. બીજા યતિએ અપલિત્રાદિ કારણ વિના પગ પણ ન ધોવાં.

૨૭. મધ્યાન્હ પછી યતિએ તથા સાધ્વીએ પાણી વિના [૪]આહાર વહોરવા ન જવું. આહાર પાણી સાધુ સાધ્વીએ બે પહોર પહેલાંજ લઇ આવવા. કારણ પડયે ગીતાર્થને પૂછીને તે કહે તેમ કરવું.

૨૮. ઉજળા વસ્ત્ર સર્વથા કોઇએ ન પહેરવાં.

૨૯. અંજવાળી ને અંધારી અગ્યારશે સર્વથા કોઇએ લીલું શાક ન વહોરવું.

૩૦. બાળ, ગ્લાન અને વૃદ્ધ સિવાય બીજા સર્વ યતિએ અજવાળી ૫-૮-૧૪ દિને સર્વથા ઉપવાસ ન મૂકવો. કારણે મૂકવો પડે તો વિગય ન લેવી.

૩૧. ષટ્પર્વીએ સાધુ સાધ્વીએ વિગય ન લેવી. ૧૪ વર્ષ ઉપરાંતની વયવાળા શિષ્યને પણ ન આપવી. ૧૪ વર્ષની અંદરનાને પણ ભણતા હોય તો આપવી.

૩૨. દિવસે કારણ વિના સાધુ સાધ્વીએ ન સૂવું.

૩૩. મુખ્યવૃત્તિએ હમણા શ્રાવિકાને દીક્ષા ન દેવી. ખાસ જરૂર લાગે તો પણ ૩૫ વર્ષની અંદરની વયવાળીને ન દેવી. ઉપરાંત ઉમર હોય તો દેવી. તેમાં પણ તેને વેષ પાત્રાદિક લાવવાની શકિત ન હોય તો સર્વથા ન દેવી.

૩૪. જ્ઞાનને અર્થે અથવા બીજા કોઇ અર્થે સર્વથા ગૃહસ્થ પાસે દ્રવ્ય ન માગવું. ગૃહસ્થે પણ માગે તે સાધુને દ્રવ્ય ન આપવું. આરાધના કરાવતાં કે ઉત્તરાધ્યયન સંભળાવતાં ઉપન્યું જે જ્ઞાનદ્રવ્ય તે સાધુએ કે સાધ્વીએ પોતાની નિશ્રાએ સર્વથા ન લેવું, ને શ્રાવક ન આપવું. પુસ્તકના ઉપકરણાદિ નિમિત્તે શ્રાવકે રાખવું. તે દ્રવ્યવડે સાધુ સાધ્વીએ કપડાં સર્વથા ન લેવાં.

૩૫. જે બોલ [૫]પરસ્પરમાં ચર્ચાના છે તે કોઇએ ન કાઢવા. જે કાઢે તેને નિવારવો. કદાચિત્ તે બોલ કોઇ પૂછે તો ગુર્વાદિકને ભળાવવા.

૩૬. પ્રતિક્રમણમાં સ્તવન બોલાતું હોય ત્યારે માત્રું કરવા કારણ વિના ન જવું. કદી જાય તો ૫૦૦ સઝાય ઉભા રહીને કરવી.

૩૭. યતિએ માંહોમાંહે કલેશ ન કરવો, અને ગૃહસ્થ દેખતાં કોઇએ કલેશની વાત પણ ન કરવી. જે કરે તેને આકરૂં પ્રાયશ્ચિત્ત આપવું.

૪. પાણી લેવા જવાની છુટ, આહાર ન લાવવો. ૫ ગચ્છગચ્છમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮. કાળા દાંડા સર્વથા ન રાખવા, ઉજળા રાખવા.

૩૯. ઘડા પ્રમુખ માટીના કે કાચના ભાજન સર્વથા ન વાવરવા.

૪૦. અંધારી પાંચમે શકિત હોય ને મન ઠામ રહે તો ઉપવાસ કરવો, ઉપવાસ ન થાય તો આંબિલ કરવું. તે પણ ન બની શકે તો લુખો આહાર લેવો. પણ નિવિયાતું ઘી કારણ વિના ન લેવું.

૪૧. ગૃહસ્થજ્ઞાત ગોટકા કારણ વિના સર્વથા ઉજ્ઝી ૫–૮–૧૪ દિને ન બોલવું. અર્થાત્ એ ત્રણ દિવસે ગૃહસ્થ સાંભળે તેમ વાતચિત ન કરવી.

૪૨. જે પન્યાસ તથા ગણિશની કાવ્યાદિકની વ્યાખ્યાન કરવાની શકિત ન હોય તો તેણે ૩ કે ૪ ઠાણા સાથે ચોમાસું કરવા જવાનો આદેશ માગવો, કાવ્યાદિકનું વ્યાખ્યાન કરી શકે તેણે ૫ ઠાણા સુધી આદેશ માગવો, અને જે વ્યાકરણ સહિત રૂડી પેરે ભણાવી શકે તેણે ૬–૭ ઠાણા સુધી આદેશ માગવો. જે ગીતાર્થ વ્યાકરણ, સાહિત્ય, તર્કભાષા, મિતભાષિણી, સ્યાદ્વાદમંજરી તથા આચારાંગાદિ સૂત્રવૃત્તિ, અંગોપાંગ ભણાવી શકે તેણે ઠાણા ૮–૯ સુધી આદેશ માગવો. ઉપરાંત બીજાએ ક્ષેત્ર સાચવવાની શકિત અનુસાર આદેશ માગવો.

૪૩ અકાળ સંજ્ઞાએ[1] આંબીલનો તપ કરવો.

૪૪ આચાર્ય ઉપાધ્યાય સિવાય બીજા યતિએ તેમજ ગીતાર્થે હીરાગળ (રેશમી) વસ્ત્ર તથા શણનું વસ્ત્ર ન વહોરવું. કદાચ આચાર્યાદિકે દીધું હોય તો પણ ઉપર ન ઓઢવું. કેશરીયું વસ્ત્ર હોય તો તેનો વર્ણ પરાવર્તન કરી નાખવો. બીજાં પણ પીત વર્ણવાળા વસ્ત્ર ન ઓઢવાં.

૪૫ મસિનો ખડીઓ કાચનો, માટીનો કે કાચલીનો રાખવો. ધાતુનો સર્વથા ન રાખવો.

૪૬ પાડિહારૂ[2] સર્વથા મોટા કારણ વિના કોઈ સાધુએ ન લેવો.

૪૭ પ્રતિક્રમણ માંડતી વખતે સ્થંડિલ પડીલેહવા.

૪૮ યતિએ કે સાધ્વીએ ઉપાશ્રય બહાર ન બેસવું.

૪૯ યતિએ શ્રાવિકાને કે સાધ્વીને ગીત રાસ વિગેરે ભણાવવા નહીં અને સંભળાવવા પણ નહીં.

૫૦ તરપણી ચેતના પ્રમુખ નાના મોટા પાત્ર ઉપર કુલડી સર્વથા કોઇએ ન પાડવી. આચાર્ય ઉપાધ્યાય સારૂ પણ ન પાડવી. મૂળગી (પ્રથમની) હોય તો આચાર્ય ઉપાધ્યાય વિના બીજાની સમરાવવી નહીં. આ મર્યાદા સર્વથા પાળવી તેમાં સંદેહવાળું થશે તો મોટો ઠપકો ...લશે.

---

૧. રાત્રિએ સ્થંડિલ જવું પડે તો.

૨. ગૃહસ્થ પાસેથી પાછી આપવાની સરતે કોઈ પણ ચીજ ઉછીની લેવી તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૧ તેલ રોગાન સહેતા પ્રમુખ સર્વથા કોઈએ અણાવવા નહીં. આ બાબત સાવતાઈ રાખવી.

૫૨ વિહાર કરતાં યતિ રસ્તે હાથમાં દાંડ દંડાસણ રાખવાં. પુંજવા પ્રમાર્જવાનો ખપ વિશેષે રાખવો.

૫૩ સંધ્યાએ પડિલેહણ કર્યા પછીજ વસ્ત્રપાત્ર પડિલેહવા.

૫૪ ખજુર પ્રમુખ તથાવિધ અનાચીર્ણ વસ્તુ કારણ વિના વહોરવી નહીં.

૫૫ બીજા સંઘાડાના યતિને ગચ્છનાયકની તથા તેના ગુરૂની રજા વિના કોઈએ સર્વથા ન રાખવો.

૫૬ યતિએ જેને જઘન્યે ૩ શિષ્ય હોય તેનેજ પન્યાસ પદની વિનતિ કરવી.

૫૭ સોપારીના કકડા ને પાનનો ભૂકો કોઈ સાધુ સાધ્વીએ ન વહોરવો.

૫૮ સર્વ યતિએ દિન પ્રત્યે ૧૦૦૦ સઝાય કરવી. તેટલી ન કરી શકે તો ૫૦૦ સઝાય કરવી. અર્થાત્ તેટલી ગાથાઓ સંભારી જવી.

આ મર્યાદાના બોલમાં કેટલાક બોલ દિન પ્રત્યે કરવાના છે. તે જે ન પાળે તેને ગુરૂએ ૧-૨ વાર વારવો. પછી વાર્યું ન કરતો હોય તેને માટે શાકનો નિષેધ કરવો. તેમ છતાં ન પાળે તો એકાસણું તિવિહાર કરાવવું, તે છતાં ન પાળે તો આંબિલ પણ કરાવવું. આ મર્યાદાના સર્વ બોલ સમસ્ત ગીતાર્થે તથા યતિએ રૂડી રીતે પાળવા અને સંઘાડી પાસે પળાવવા. ગીતાર્થનું કહેણ જે ન માને તેને સંઘમાં જે વડો શ્રાવક હોય તેને કહીને પણ પળાવવા. ધર્મવંતોએ આની ઉપેક્ષા ન કરવી. ઈતિ સાધુ મર્યાદા પટ્ટક સંપૂર્ણ.

## સં. ૧૭૧૧ માઘ શુદિ ૧૩ ગુરૂ પુષ્યે શ્રી પત્તનનગરે શ્રી વિજયસિંહ સૂરિપ્રસાદી કૃત[1]

# साधुमर्यादा पट्टक.

આ પટ્ટક શ્રીવિજયસિંહસૂરિ પ્રણિત મર્યાદાપટ્ટકને અનુસારે તેમજ તેમના કહેલા જલ્પાનુસારે સંવિજ્ઞ ગીતાર્થોએ મળીને ધર્માર્થી, સંવિજ્ઞ, શુદ્ધ માર્ગના પક્ષી અને મધ્યસ્થ યતિઓના હિતને માટે-સુવિહિત આચારની પ્રતિપાલનાને અર્થે લખેલો છે.

૧ સુવિહિત ગીતાર્થની નિશ્રાએ સર્વે યતિઓએ વિહાર કરવો.

૧. ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરિ, ભ૦ શ્રી સોમસુંદરસૂરિ, ભ૦ શ્રી મુનિસુંદરસૂરિ. ભ૦ શ્રી આનંદવિમળ સૂરિ, ભ૦ શ્રીહીરવિજય સૂરિ, ભ૦ શ્રી વિજયદેવસૂરિ, તત્પટ્ટાલંકાર શ્રી વિજયસિંહસૂરિ સમજવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. ગીતાર્થને પૂછયા વિના કોઇએ કાંઇ પણ નવી પ્રરૂપણા ન કરવી.

૩. યથાશક્તિ નિત્ય ભણવાનો, ભણાવવાનો, લખવાનો, લખી આપવાનો, અર્થ ધારવાનો, કહેવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં છતી શક્તિ ગોપવવી નહીં.

૪. યોગ વહ્યા વિના કોઇએ સિદ્ધાંત વાંચવા નહીં.

૫. દિનપ્રત્યે ઉન્હાળે ૩૦૦, વર્ષાકાળે ૫૦૦, શીતકાળે ૮૦૦, જઘન્યપદે સઝાય ગણવી. ( તેટલી ગાથાઓ સંભારી જવી કે નવી વાંચવી. )

૬. દિન પ્રત્યે છતે યોગે દેહરે જઈ દેવ જુહારવા.

૭. દિનપ્રત્યે આઠ થોઇએ ત્રિકાળ દેવ વાંદવા-જઘન્યપદે ૧ વાર વાંદવા.

૮. પ્રતિદિન યથાપર્યાય સાધુ વાંદવા.

૯. વહોરવા જતાં અથવા સ્થંડિલ જતાં માર્ગમાં સર્વથા કોઇએ ન બોલવું. કદાચિત્ બોલવાનું કાર્ય પડે તો બાજુપર ઉભા રહીને બોલવું.

૧૦ વસ્તીમાં અણપુંજ્યે ચાલવું નહીં.

૧૧. ઉઘાડે મોઢે બોલવું નહીં તેમજ ક્રિયા કરતાં કે આહાર કરતાં બોલવું નહીં.

૧૨. એષણા શુદ્ધિ યથાશક્તિ કરવી. તેમાં અસમંજસપણું ન કરવું.

૧૩. વાણીઆ બ્રાહ્મણઆદિને ઘરેથી આહાર લેવો. પણ જ્યાં જવાથી દુગંચ્છા થાય ત્યાંથી સર્વથા આહાર ન લેવો.

૧૪. એકલા ગોચરી લેવા સર્વથા ન જવું.

૧૫. બીજું પાણી મળી શકે ત્યાંસુધી કુંડાનું ધોણ કે જરવાણી ન વહોરવું.

૧૬. ઉપધિપ્રમુખ પુંજી પડિલેહીને ઉંચે મૂકવી કે લેવી. ઉપકરણ પાત્રાં ઉભય ટંક પડિલેહવાં.

૧૭. વર્ષાકાળે વસતિ ત્રણવાર પુંજવી.

૧૮. અવિધિએ વહોરેલો આહાર પરઠવવો પડે તો બીજે દિવસ આંબિલ કરવું. ઘણી અજયણાવાળી વસ્તુ પરઠવવી પડે તો પાંચ દિવસ સુધી તે વસ્તુ ન લેવી.

૧૯. તળિયા ઉપરાંત પગ ન ધોવા.

૨૦. વર્ષમાં બેવાર ક્ષારવિના જયણાપૂર્વક વસ્ત્ર ધોવાં. અકાળે ઉપધિ ધોવે તો તેને (કલ્પ) વસ્ત્રની સંખ્યાએ બે બે નીવી અને ચોળપટ્ટે ૧ નીવી આપવી.

૨૧. જે વાત કરવાથી પરને દાનનો નિષેધ થાય, પરને અપ્રીતિ ઉપજે, પરની નિંદા થાય એવી વાત ન કરવી. તેવું વચન સર્વથા ન બોલવું.

૨૨. વડાને દેખાડયા વિના આહાર ન લેવો.

૨૩. શય્યાતર પૂછીનેજ વહોરવા જવું.

૨૪. એકલી સ્ત્રી સાથે એકલાં આલાપ ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫. વસ્ત્ર આધું પાછું બાંધી ન મુકવું. માર્ગે સુખે નિર્વાહ થાય (ઉપાડી શકાય) બે વાર પડિલેહણ થાય, પલિમંથ ન થાય તેટલું ને તેવુંજ રાખવું.

૨૬. સાધુ સાધ્વી પોતાના કોઇ ઉપકરણ મૂકીને યાત્રાદિ કરવા જાય તો માસ-૩ ની અંદર તેની સંભાળ લેવી-નહીં તો પછી બીજાને વાપરવા દેવા.

૨૭. પુસ્તક ગૃહસ્થને ઘરે સીવીને ન મૂકવું. જ્ઞાનાદિક વૃદ્ધિને અર્થે એટલુંજ રાખવું કે તેનો બીજા લાભ લઇ શકે. તેનાપર મૂર્છા ન કરવી.

૨૮. કારણ વિના માટીનું ભાજન ન રાખવું.

૨૯. દિવસની બે ઘડી પહેલી ને બેઘડી પાછલી આહારપાણી આશ્રી જાળવવી. વિશેષ કારણે પણ સૂર્યોદયાસ્ત વેળા જોવી.

૩૦. દિનપ્રત્યે છતી શક્તિએ માર્ગાદિ કારણ વિના એકાશનાદિ તપ કરવો.

૩૧. માસ પ્રત્યે પાંચ ઉપવાસ પૂરા કરવા. પાંચ પર્વી વિગય ન લેવી.

૩૨. નીવીમાં તિથિએ નીવીયાતાં ૩ લેવાં.

૩૩. હરરોજ કાંઇક પણ અભિગ્રહ કરવો.

૩૪. અકાળ સંજ્ઞાએ[1] આંબિલ કરવું.

૩૫. અનાચીર્ણ વસ્તુ ન વહોરવી. શીતકાળ વિના ખજુર, દ્રાક્ષ વિગેરે ન લેવાં. આર્દ્રા પછી કાચી ખાંડ ન વહોરવી. કુંઆરના સેલરાં સર્વથા ન વહોરવાં.

૩૬. ચોમાસાના છઠ્ઠ ને સંવચ્છરીનો અઠ્ઠમ યથાશક્તિ પહોંચાડવા.

૩૭. દિનપ્રત્યે છતી શક્તિએ ૧૦-૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૩૮. દશવિધ સમાચારી વિશેષ પ્રકારે પાળવી.

૩૯. માસકલ્પાદિ મર્યાદા જાળવવી.

૪૦. ગીતાર્થના કહ્યા વિના જે કોઇ પોતાને છંદે એકલા વિહાર કરે તેની સાથે આહાર વ્યવહાર ન કરવો.

૪૧. તપાગચ્છની સમાચારી ઉપર, પંચાંગી ઉપર તથા વીતરાગની પૂજા ઉપર જેને અવિશ્વાસ હોય તેની સાથે સર્વથા વ્યવહાર ન કરવો.

૪૨. વ્યાધિવાળાનું ખરડેલું વસ્ત્ર કોઇએ કોઇને ન આપવું-ગુરૂ આપે તો છુટ.

૪૩. અટવ્યાદિ કારણ વિના માર્ગાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત પાણી વિગેરે ન રાખવું.[2]

---

૧ રાત્રે સ્થંડિલ જવું પડે તો.

૨ અમુક માર્ગ ઉપરાંત, અમુક ગાઉ ઉપરાંત, અમુક પહોર ઉપરાંત પાણી વિગેરે ન રાખવાનો મુનિનો આચાર છે તેનું ઉલ્લંઘન કરીને રાખવું તે અતીત સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪. આ બોલ જે ન પાળે તેને પ્રાયશ્ચિત કરાવવું. સર્વથા નિઃશુક હોય તેની સાથે વ્યવહારજ ન કરવો.

૪૫. આ બોલમાં દ્રવ્ય ક્ષેત્રાદિ કારણ જાણીને વિશેષ ગીતાર્થની સંમતિ જ્યારે જે પ્રમાણે પ્રવર્તે ત્યારે તે સર્વ શાસ્ત્રોક્ત ઉત્સર્ગ અપવાદ રીતે પ્રમાણ કરવી. પણ તેમની આજ્ઞા વિના કોઇએ કોઇને મોઢે નવી કલ્પના ન કરવી.

આ બોલ સર્વ સંવેગીએ સદ્દહવા અને પાળવા.

**ઈતિ શ્રી મર્યાદા પટ્ટક.**

# अहिंसा परमो धर्मः[1]

આ સિદ્ધાંત બહુ જાણીતો છે. દરેક ધર્મવાળા આ વાત ઉચ્ચ તત્ત્વ તરીકે સ્વીકારે છે. દરેક શાસ્ત્ર આ બાબતમાં સંમત છે. કોઇ પણ જીવને મારવો-તેને ત્રાસ ઉપજાવવો-તેનું મન દુભાય-કલેશાય તેવી જાતનું કાર્ય કરવું તે હિંસા છે અને તેવા વર્તનથી પરમ ધર્મ સાચવી શકાતો નથી તે વાત સર્વમાન્ય તરતજ થઈ શકે તેવી છે. ગમે તે મતને અનુસરનાર માણસ વર્તનમાં કદાચ આ બાબત અમલમાં ન મૂકતો હોય, છતાં અહિંસા આચરનારને-કોઇ પણ જીવને કીલામણા નહિ ઉપજાવનારને ઉચ્ચ તો સર્વ માનેજ છે. સર્વ શાસ્ત્રનું જે અંતિમ લક્ષ્ય છે તે તરફ દોરી જનાર ખરેખર આ સિદ્ધાંતજ છે. આ અહિંસાને વધારે વિશાળ સ્વરૂપમાં સમજવા, અને કઇ કઇ દૃષ્ટિએ તે આપણા ઉપર લાગુ પડે છે તેનો ખ્યાલ કરવા તેના ચાર ભેદ પાડવામાં આવશે અને કેવી કેવી જાતનું વર્તન હિંસાના પથ ઉપર મનુષ્યને દોરી જાયછે તે સમજાવવાનો અત્રે થોડો પ્રયત્ન કરવામાં આવશે.

હિંસાના મુખ્યત્વે કરીને ચાર ભેદ પાડી શકાય છે. ( ૧ ) સામાન્યહિંસા, ( ૨ ) સામાજિકહિંસા, ( ૩ ) ધાર્મિકહિંસા, ને ( ૪ ) આત્મિકહિંસા. આ ચાર દૃષ્ટિથી હિંસાનું સ્વરૂપ સમજાયાથી તે બાબતની પ્રવૃત્તિ થતી અટકશે તો અહિંસાથી જે ઉચ્ચ લક્ષ્ય સાધવાનું છે તે લક્ષ્ય સાધી શકાશે. કોઈ પણ નાના કે મોટા જીવનો વધ કરવો. તેના પ્રાણનો વિયોગ, કરાવવો તે સામાન્યહિંસા છે. મનુષ્યજાતિની અંદર કુરીવાજો પ્રવેશાવાથી તેનાથી રીબાઇને જે ઘણાના મરણો થાય છે તે સામાજિક હિંસા છે. ધર્મને નામે જે હિંસા કરાય-અન્યના ધર્મ ઉપર આક્ષેપ કરી લાગણી દુભાવાય તે ધાર્મિક હિંસા છે, અને સ્વભા-

૧. શ્રી જૈન ધર્મ પ્રબોધક સભાની ભાષણશ્રેણિમાં રા. **હરજીવનદાસ કાળીદાસે** આપેલા ભાષણ ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વને ભૂલી જઈ પરભાવમાં રમણુતા કરવી પૌદ્ગળિક વસ્તુની આસક્તિમાં પડી જઈ આત્માને ભૂલી જવો તે આત્મિક હિંસા છે.

હવે સામાન્ય હિંસા માટે વિચાર કરતાં કોઇ પણ પશુ પક્ષીને મારવા-તેને ત્રાસ આપવો તે હિંસા ગણાય છે. આ બાબત એટલી સ્પષ્ટ થયેલી છે કે તે બાબત ઉપર વધારે વિવેચનની જરૂર નથી. આપણે તે કરતાંજ-આચરતાંજ નથી. અન્ય કોઈ તે હિંસા આચરતા હોય તેને નિવારીએ છીએ. તેવું કરનારને અનુમોદન આપનાર પાપી છે તેમ ગણીએ છીએ, આ હિંસા કરવી નહિ-કરાવવી નહિ,અને અન્ય આ હિંસા કરતાં ઓછા થાય પશુ પક્ષી કોઇને પણ ત્રાસ આપતા ઓછા થાય તેમ વર્તવું તે સર્વની ફરજ છે. સર્વ શાસ્ત્રો આ બાબતમાં સંમત છે. આ હિંસા આચરનારને કોઈ પણ શાસ્ત્રવાળાએ સારો ગણ્યો નથી. મન પરિણતિની વિશુદ્ધતાથી દયાના પરિણામ રાખવા-અહિંસા આચરવી તે દરેકની ફરજ છે. આ ઉત્તમ ધર્મને અંગે પર્યુષણાદિક પર્વને વિષે આપણે અહિંસા પળાવીએ છીએ. જે કોઈ આ હિંસા આચરનાર હોય છે તેવાઓને ધન આપી તેમને તે હિંસા કરતાં નિવારીએ છીએ; પણ આ બાબતમાં થોડી વિશેષ બુદ્ધિ પહોંચાડવાની જરૂર છે. આપણે પૈસા આપી તે દિવસે તો તેવા હિંસકોને હિંસા કરતાં અટકાવીએ છીએ, પણ તેઓ તે પૈસા મળવાથી બીજેજ દિવસે હિંસાના બીજા વધારે સાધનો પ્રાપ્ત કરી વધારે હિંસામાં પ્રવર્તમાન થાય છે. આપણા પૈસાનો દુરૂપયોગ થાય છે. આના કરતાં એક સાથે મોટી રકમ એકઠી કરી આવા હિંસકોનાં છોકરાંઓને કેળવણી આપવામાં-સુમાર્ગે ચઢાવવામાં જો ધનવ્યય કરવામાં આવે તો વખત જતાં તેઓ ખરી દયા પાળતા શીખશે. તેઓમાંથી ઘણા તો આવા ધંધાને હલકો ગણતા હોયજ છે; પણ જ્યારે પોતાનું પેટ ન ભરાય-પોતાના નિર્વાહનું અન્ય સાધન ન જણાય ત્યારે પરાણે વગર ઈચ્છાએ પણ તેમને આવો હલકો ધંધો કરવો પડે છે; તેથી તેમના બાળકોને કેળવણી મળે, હિંસાના ગેરફાયદા તેઓ સમજે તેવા ઉપાયો કરવાની જરૂર છે. તેમના બાળકો કેળવાશે તો તેઓ સન્માર્ગે ચઢશે, પોતાનાં નિર્વાહનાં સારાં સાધનો શોધી કાઢશે, અને પછીથી આવાં અધમ કાર્યની તેમને ઇચ્છા પણ થશે નહિ. તેમનાં બાળકો પાસે અહિંસાની ઉત્તમતા અને હિંસાના દુર્ગુણો જેમાં ચિતરેલાં હોય તેવાં પુસ્તકો વંચાવવાં-અન્ય ધંધે રોજગારે તેને લગાડવા-એટલે હાલમાં ખર્ચાતા જે પૈસા નકામા જાય છે અને બીજે દિવસે વધારે હિંસામાં ઉતરવાનાં સાધનભૂત આપણે થવું પડે છે તે અટકી જશે અને તે કોમ સ્વતઃજ આખી સુધરી જશે; અને અહિંસાના ઉત્તમ કાર્યમાં ઉલટા તેઓ સહાયભૂત થશે. આવો પાંચ દશ વરસ સુધી પ્રયાસ કરવાથી તે કોમ આખી સુધરશે, હિંસાનાં કાર્યો બંધ થશે, સમસ્ત દેશને ફાયદો થશે, અને નકામો જતો ખર્ચ ઉપયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીવડશે. આપણે જમણવારોમાં-નાતવરામાં જે પૈસા દરવર્ષે ખરચી નાખીએ છીએ તે પઇસા એક વર્ષના પણ જો આ કાર્યમાં ખરચશું તો હિંસાનાં કાર્યો બંધ થશે, હમેશને માટે તેવાં કાર્યો થતાં અટકશે, એક કોમનો ઉદ્ધાર થશે, હિંસાના કાર્યો અટકાવવામાં તેઓ ઉલટા સહાયભૂત થશે, અને જે ધારણા અહિંસા ફેલાવવા માટે આપણે ધારતા હઇશું તે પાર પડશે. માટે આ બાબતમાં ખાસ લક્ષ ખેંચવાની જરૂર છે. દરવર્ષે સેંકડો રૂપિયા હિંસા થતી અટકાવવા તે લોકોને આપણા તરફથી આપવામાં આવે છે, છતાં તેની સ્થિતિમાં અને કાર્યપદ્ધતિમાં કાંઇ પણ ફેરફાર થયો નથી, જ્યારે તેજ પૈસાનો ડહાપણ ભર્યો ઉપયોગ કરવામાં આવશે તો તે હિંસા સદંતરને માટે અટકી જશે.

સામાન્ય હિંસા માટે આટલો વિચાર કર્યા પછી સામાજિક હિંસા માટે આપણે હવે વિચાર કરીએ. ખાટકી, માછીમાર વિગેરેથી હણાતા નાના મોટા પ્રાણીઓ માટે આપણને દયા આવે છે, તેનો વધ થતો કેમ અટકે તે બાબતનો વારંવાર વિચાર કર્યા કરીએ છીએ; પણ આપણાજ ગૃહોમાં-આપણા સંસારમાં ખોટા રીવાજો-રૂઢીને વશ થઇને વર્તવાથી અનેકની ઉપર છુપાં દુઃખો પડે છે, અને તેનો નાશ થાય છે તેની જરા પણ દરકાર કરવામાં આવતી નથી તે ખરેખર બહુ ખેદજનક છે. સામાજિક ગણાતા ખોટા બંધન-રીવાજોને લીધે આપણા સંસારમાં ઘણા મનુષ્યો દુઃખી થાય છે, અને ઘણી વખત તે દુઃખને લીધે ઘણાનું મૃત્યુ પણ થાય છે, પણ આવાં મરણો છુપાં થયેલાં હોવાથી તેની ખબર પડતી નથી. આવી હિંસા જ્યાંસુધી ટાળવામાં આવશે નહિ ત્યાંસુધી 'અહિંસા પરમો ધર્મઃ' નો સિદ્ધાંત બરોબર પાળ્યો ગણાશે નહિ. આપણા છોકરા છોકરીના બહુ નાની વયમાં સગપણ કરવાં-તેમને લગ્નથી જોડવાં તે તેની હિંસાજ છે. લગ્ન શું ? સંસાર શું ? પરણવાનું શા માટે ? તે જેઓ સમજતા ન હોય, તેનો ખ્યાલ પણ જેને આવતો ન હોય તેવાંઓને પરણાવી દેવાં-લગ્નગ્રંથીથી જોડી દેવાં તે તેમની હિંસા કરવા જેવુંજ છે. પ્રેમ શું ? તે તેઓ સમજી શકતા નથી, અને નાની ઉમરમાં સંસારનો ભાર માથે પડવાથી-તે બોજો સહન ન થઇ શકવાથી ઘણી બાળિકાઓના અકાળ મૃત્યુ થાય છે, કદાચ આયુષ્ય લંબાય તોપણ સમજણ આવ્યા પહેલાં તો માતા થઇ જવાથી તેના યૌવનનો નાશ થઇ જાય છે અને તે દંપતીની જ્યારે સુખ ભોગવવા લાયક શરીરને પ્રાપ્ત કરવાની ઉમર થાય તે પહેલાં તો વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે, અને ઘણે સ્થળે તો બંનેના મનનો મેળ પણ મળતો નથી. આ પ્રમાણે બાળલગ્નથી જોડાયેલ બાળક-બાળિકા સંસારનું સુખ ભોગવી શકતા નથી, અને કાચી ઉમરે ઘણી વખત મરણને શરણ થાય છે. સામાજિક હિંસાનો આ એક પ્રકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવીજ રીતે ઉમર કે ગુણની સરખાઈ જોયા વગર પોતાની કન્યાને વેચવી-કન્યાનો વિક્રય કરવો તે પણ કન્યાની હિંસા કરવા તુલ્યજ છે. આવી રીતે વેચાણથી ગયેલી કન્યા ગમે તે ઉમરના ગમે તેવા સ્વભાવવાળા વર સાથે જોડાય છે, અને તેને મનપસંદ વર મળતો નથી, તેથી છુપી રીતે તે કન્યા દુભાય છે-દુઃખાય છે. માબાપે પોતાને ઘેર અવતરેલ કન્યાને હરેક પ્રકારનું સુખ મળે તેવી બાબતનું શ્વશુરગૃહ જોવું તે તેમની ફરજ છે, પણ લોભમાં અંધ થયેલા માબાપો તે જોઇ શકતા નથી, પોતાના સ્વાર્થ સામું જુએ છે, જે સ્થળેથી વધારે પૈસા મળે ત્યાં જેવી રીતે માલ મીલકત અથવા ઢોર પ્રમુખને આપીએ તેવી રીતે દીકરીને આપે છે; અને પછીથી દીકરી તે ઘરે જઇને મન પ્રસન્ન ન થવાથી માબાપની ઉપર નિશાસા મૂકે છે, શ્રાપ આપે છે, અને મનમાં ને મનમાં બળી જાય છે. કન્યાવિક્રયનો દુષ્ટ રીવાજ પણ દીકરીની હિંસા તુલ્યજ છે.

બાળલગ્ન અને કન્યાવિક્રયનો ચાલ બહુ વધી જવાથી વિધવાઓની સંખ્યામાં બહુ વૃદ્ધિ થઇ છે. છેલ્લા વસ્તીપત્રકના રીપોર્ટ ઉપરથી માલુમ પડે છે કે હાલમાં જે જ્ઞાતિઓમાં પુનર્વિવાહ નથી, તેમાં વિધવાની સંખ્યા પચાસ લાખની છે, તેમાં પણ ખરેખરૂં શોક કરાવનાર તો એ છે કે ૧ થી ૫ વર્ષની ૧૭૦૦૦ અને ૫ થી ૧૦ વર્ષની ૯૪૦૦૦ વિધવાઓ છે. બીજી ૧૦ વર્ષ ઉપરની ઉમરની છે. કાંઇ પણ સંસારના વ્યવહારની ખબર પડ્યા પૂર્વેજ વિધવા અવસ્થાની પ્રાપ્તિ થાય તે શું ઓછું ખેદજનક છે? આ સ્થિતિ કન્યાને પ્રાપ્ત કરાવનાર માબાપજ છે. લ્હાવા લેવાની અને પુત્ર-પુત્રીને પરણાવી દેવાની હોંશમાં તેઓ ઉમર જોતા નથી, વિચાર કરતા નથી, વળી પૈસાની લાલચમાં દોરાઇ જાય છે, અને પછીથી વિધવા અવસ્થા કન્યા પ્રાપ્ત કરે અને તેનું જીવન આખું તે બળાપામાં પસાર થઈ જાય અને ઘણી વખત તેના પ્રાણની હાનિ થાય તેનો દોષ અને તે દોષનું પાપ માબાપનેજ શીર છે. આપણા કઢંગા રીવાજોને લીધે આપણા બાળક-બાળિકાઓને ઘણું રૂદન કરવું પડે છે. આ વિધવાઓની સ્થિતિ સુધરે-કેળવણી પ્રાપ્ત કરી નીતિપંથે ચડે તેવા પ્રયત્નોની જરૂર છે. વિધવાશ્રમો ઉઘાડી જ્યાંસુધી તેમને કેળવવામાં આવશે નહિ, તેમના શરીરની રક્ષાર્થે નીતિપંથ તેમને દેખાડવામાં આવશે નહિ, બીજા કાર્યોમાં તેમનું ચિત્ત પરોવાય તે માટે હુન્નર ઉદ્યોગનું જ્ઞાન તેમને આપવામાં આવશે નહિ, ત્યાં સુધી તેમની-વિધવાઓની સ્થિતિ કદી સુધરવાની નથી. વિધવાઓની આ સ્થિતિ, તેમનાં ચિત્તમાં ઉપજતો કલેશ, આપણા અજ્ઞાન વર્ગના સહવાસને અંગે ઘણી વખત વિધવાઓને સહેવા પડતાં કષ્ટ અને તેને અંગે ઉપજતું તેનું મૃત્યુ-આ સર્વ સામાજિક હિંસાનુંજ પરિણામ છે. બાળલગ્ન-કન્યાવિક્રય અને તેને અંગે વિધવાઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલી આ સ્થિતિ-આ સર્વ રીવાજો જેમ બને તેમ તાકીદે સુધારવાની જરૂર છે.

વળી વૃદ્ધ લગ્ન—ગમે તે ઉમરે પુરૂષ પરણી શકે તે પણ હિંસારૂપજ છે. એક બાપ થવા લાયક વૃદ્ધને તેની સુત્રીતુલ્ય કન્યા પરણાવવી તેમાં તે કન્યા શું સુખ પ્રાપ્ત કરે? તેને તેની સાથે મનમેળજ કેવી રીતે થાય? મિત્રતા પણ સરખે સરખાની હોય છે. તો આ ઉમરનું કજોડું કેવી રીતે સુખી થાય? બાળ કન્યા તો તેના વૃદ્ધ વરને દેખીનેજ મુંઝાઈ જાય. તેથી વૃદ્ધ લગ્ન તો ખાસ અટકાવવાની જરૂર છે. આવી ઉમરે પરણનાર મનુષ્યનું જીવન વધારે વખત ટકતું નથી, અને બાળકન્યાને ઘણી વખત તો તરતજ વૈધવ્ય પ્રાપ્ત થાય છે. કન્યા ગમે તે ઉમરે વૈધવ્ય પામે, પછી તેને પરણવાનો બીલકુલ અધિકાર નથી, તો પુરૂષને માટે પણ કાંઇક તો ઉમરની હદના પ્રમાણની જરૂર હોવી જોઇએ. ગમે તે ઉમરે ગમે તેટલી ઉમરની કન્યાને પરણી કન્યાના માબાપના લોભથી અને પરણનારની ઇંદ્રિયો કાબુમાં ન રહેવાથી તે કન્યાનું જીવન બગાડે તે સામાજિક હિંસાજ છે. અને તે રીવાજ જેમ બને તેમ તાકીદે બંધ થાય તેવાં ઉપાયો જ્ઞાતિના અગ્રેસરો તરફથી લેવાવાની જરૂર છે.

વળી સ્ત્રીઓથી અમુક કામ કરાય નહિ, કોઇ સ્થળે તેનાથી જવાય નહિ, આવાં ઘણા બંધનો તેના ઉપર નાખી તેની સ્વતંત્રતા દબાવી દેવામાં આવી છે. તેઓનો ઉદ્ધાર થાય, કેળવણી પ્રાપ્ત કરે, પોતાની મહત્વતા સમજે તેવા પ્રયત્ન કરવાની જરૂર છે. આપણા સંસારના અનેક કષ્ટદાયી રીવાજોને લીધે તેને બહુ દુઃખો સહન કરવાં પડે છે. ઘણાં કુટુંબોમાં તો પોતાના જીવન સર્વસ્વ પતિ પાસે પણ દુઃખો કહેવાનો તેને પ્રસંગ મળતો નથી. તેની માતા અગર બહેન તરફથી પતિને ભંભેરીને પત્ની વિરૂદ્ધ એવો ઉશ્કેરી મૂકવામાં આવે છે કે તે પત્નીને હેરાન કરવામાંજ મોટાઈ અને ગુમાન માને છે. અજ્ઞાનતાને લીધે આવાં કષ્ટો બહુ સ્ત્રીઓને સહન કરવાં પડે છે. પોતાની ફરજ અને હકનો તેને ખ્યાલ પણ આવતો નથી. કર્તવ્યાકર્તવ્ય સમજતાં નથી અને પ્રેમ શું? તે સમજતીજ નથી. આનું પરિણામ એ થાય છે કે તે સ્ત્રીઓને મન દુઃખત્રાસ આખા જીવનમાં રહે છે. તેનો માનસિક સંતાપ કદી મટતોજ નથી. પુરૂષો પણ પ્રેમ શું? પત્ની તરફની ફરજ શું? તેનો ખ્યાલ ધરાવનારા બહુ ઓછા હોય છે, એમ કહીએ તો ચાલી શકશે કે પ્રેમનું ખરૂં સ્વરૂપ આપણા સંસારમાંથી અદ્રશ્ય થયું છે. મોહ-રાગાંધતાનો પ્રવેશ થઇ ગયો છે, અને સ્ત્રીને એક ઉપાનહ તુલ્ય ગણવામાં આવેછે. પતિના મરણ પાછળ જેને વૈધવ્યાવસ્થા પાળવી પડે છે હેરાનગતિ ભોગવવી પડે છે, ઠઠ્ઠ સહેવા પડે છે અને આખો ભવ એળે ગુમાવવો પડે છે તેજ પત્ની જો કદાચ મરણ શરણ થાય તો તેના પતિને સ્મશાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જવાની મનાઈ કરવામાં આવે છે, જાણે કે પરણવાનો સમય હોય તેમ માથે પાઘડી વિગેરે ધારણ કરાવવામાં આવે છે, અને સ્ત્રી મૃત્યુશય્યામાં પડી હોય-હજુ જીવતી હોય ત્યાં નવી પત્ની પરણાવવાની વાતો ચાલે છે, વેવિશાળ કરવામાં આવે છે. પેલી ખાટલામાં પડેલી સ્ત્રીની પૂરી દરકાર પણ કરવામાં આવતી નથી. જાણે કે તે તેમાં મરવાનીજ હોય અને કોઈને તેની સાથે કાંઈ લાગતું વળગતુંજ ન હોય તેવું વર્તન કરવામાં આવે છે, અને સ્મશાનમાં તેનું વેવિશાળ કરવામાં અભિમાન ગણવામાં આવે છે. મૃત સ્ત્રીનો કાંઈ શોક ગણવામાં આવતોજ નથી. સ્ત્રીનું નામ અર્ધાંગના કહેવામાં આવે છે. પુરૂષોના અર્ધ અંગ તરીકે તે ગણાય છે, તેના તરફનું આ વર્તન જરા પણ પ્રેમની દશા સૂચવનાર છે ખરૂં ? પત્ની મરતાં તરતજ વેવિશાળ-લગ્ન કરાય છે. અને જાણે કે તે પત્ની આણું વાળવા અગર અન્ય કાંઈ કાર્ય પ્રસંગે પીયર ગયેલ જેમ ટુંક વખતમાં પાછી આવે છે તેટલાજ ટુંકા સમયમાં નવીન પત્નીને લાવીને દાખલ કરી દેવામાં આવે છે. સ્ત્રીઓ તરફ આ કેટલી અધમતા? પતિના મરણ પછી આખો ભવ દુઃખ સહેનાર પત્નીનું મરણ થતાં થોડો સમય પણ શોક ધારણ કરવામાં આવે નહિ તે પ્રેમ કેવો ? તેનો વિચાર કરવાની જરૂર છે. સ્ત્રીઓને પણ આપણી સ્થિતિએ લાવવાની જરૂર છે. આવા પ્રેમના છાંટા વગરનું જીવન જ્યાં સુધી ગાળવામાં આવે ત્યાં સુધી સ્ત્રીઓનો અધમ દશામાંથી કેવી રીતે ઉદ્ધાર થાય? તેમનું મન દુઃખ-તેમનો ત્રાસ ઓછો કેવી રીતે થાય ? અને તેમના ઉપર જે છુપા દુઃખો પડે છે અને અનેક સ્ત્રીઓનાં જીવનનો બાળ ઉમરમાં કુટુંબ કલેશ અગર પતિ દુઃખે નાશ થાય છે તે સ્ત્રીની હિંસા થતી કેમ અટકે? સ્ત્રીની અધમ દશા, અજ્ઞાનતા, કષ્ટ સહન વિગેરે પણ સામાજીક હિંસાનાજ પરિણામ છે, અને તે અટકાવવાના અને સ્ત્રીઓનો ઉદ્ધાર કરવાના પ્રયત્નો અહિંસાનો ઉપદેશ આપનાર અને ગ્રહણ કરનાર સજ્જનોએ કરવાની ખાસ જરૂર છે.

હિંસાનો મુખ્ય નિયમ એ છે કે કોઈને પણ ત્રાસ આપવાથી દૂર રહેવું. આપણા વર્તનથી કોઈ પણ જીવને ત્રાસ ઉપજે, કલેશ થાય, તેનું દિલ દુભાય તે હિંસાજ છે. " મારા આ વર્તનથી બીજા ઉપર શું અસર થશે, તેને કાંઇ ત્રાસ પડશે કે નહિ, તેનું દીલ દુભાશે કે નહિ ? " તેનો વિચાર કરીને જે વર્તન કરે તેનાથી અહિંસા વધારે પળી શકે છે. નોકર ચાકરને ખોટા હુકમો કરી હેરાન કરવા, તેને પ્રમાણ કરતાં ઓછો પગાર આપવો, તે પણ તેની હિંસાજ છે. તેનાથી તેનું દિલ દુખાય છે, તેમને ત્રાસ ઉપજે છે, અપ્રમાણિકપણું કરતાં શીખે છે, અને આખરે હેરાન થાય છે. વળી વ્યાપારમાં બહુ અનીતિ આચરવી, ખોટે તોલે-ખોટે માપે માલ આપવો કે લેવો-વચન ભંગ કરવા-તે પણ હિંસાનાજ પરિણામરૂપ છે. વળી ગામડામાં વ્યાપારીઓ-વણિકો, કઠારા વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી ખેડુત લોકોને પાયમાલ કરે છે. ખેડુતોને થોડા રૂપિયા ધીરી વધારે મંડાવી લે છે. તેના વાડી, ખેતર, અનાજ વિગેરે મંડાવી લે છે અને આખું વર્ષ તેમને અને તેના બાળબચ્ચાંઓને હેરાન કરવામાં અને પોતાનું ઘર ભરવામાં પસાર કરે છે. ખેડુતોને જેમ વધારે નીચોવાય તેમ નીચોવે છે–તેઓ બિચારા ભૂખે મરે તો પણ તેની દરકાર કરતા નથી. આ પણ ખેડુતોની હિંસાનોજ પ્રકાર છે. આ કઠારાના વ્યાપારથી ઘણા ખેડુતો દુઃખી થાય છે અને થયા છે, તેઓ તેવા વેપારીઓને અગર તેના માણસોને આવતાં દેખી ત્રાસે છે–ધ્રુજે છે. માટે અહિંસાના પરમ ધર્મને સેવનાર કોઈપણ ગૃહસ્થે આ અને આવા ત્રાસદાયક બીજા વ્યાપારો પણ કરવા નહિ. આ બધા સામાજિક હિંસાનાં પ્રકાર છે. તે બધા રીવાજો અને વ્યાપારની રૂઢીઓ દેખીતી રીતે હિંસા કરનાર–કોઈના પ્રાણ હરણ કરનાર નથી–પણ અનેક ઉપર–જે તેના સામ્રાજ્યમાં સપડાય–તેની છુપી રીતે હિંસા કરનાર છે. આપણા સંસારમાં પેસી ગયેલા અનેક કુરીવાજોથી ઘણાઓને પ્રાણહારક કષ્ટ સહેવું પડે છે. ઘણાનો કુમળી વયમાં નાશ થાય છે, પણ તેની ખબર પડતી નથી. મ્યુનીસીપાલીટીને દફતરે તે મરણ નોંધાતા નથી, પણ આવા કઢંગા રીવાજો જેમ બને તેમ તાકીદે દૂર કરવાની જરૂર છે. જ્યાં સુધી આવા રીવાજો અને વ્યાપાર આપણા દેશમાંથી નાશ પામશે નહિ, ત્યાંસુધી તેવી છુપી હિંસાઓ અટકશે નહિ અને આપણો ત્યાંસુધી ઉદ્ધાર થશે નહિ. સામાજિક હિંસાના આ પ્રકારો બહુ લક્ષપૂર્વક સમજી તે હિંસામાંથી જેમ વધારે દૂર થવાય તેમ કરવું યોગ્ય છે, અને તેવા પ્રયત્નો આદરવાની ઘણી જરૂર છે.

સામાજિક હિંસાનું સ્વરૂપ થોડે ઘણે અંશે સમજાવ્યા પછી ધાર્મિક હિંસા શું કહેવાય? તે સમજાવવા હવે હું પ્રયત્ન કરીશ પુનર્જન્મ માનનાર દરેક માણસ કબુલ કરશે કે કોઇ માણસ એકજ ધર્મમાં જન્મી તેને તે ધર્મમાં અન્ય ભવમાં પણ રહેતો નથી. પ્રત્યેક અવતારે તેનો ધર્મ પ્રાયે બદલાયા કરે છે. આ સૃષ્ટિ તો એક શાળારૂપ છે. જુદા જુદા ધર્મોનું તેમાં જ્ઞાન મેળવવાનું છે. આ પ્રાણી જુદા જુદા ભવમાં જુદા જુદા ધર્મોમાં અવતરી તેનું જ્ઞાન સંપાદન કરે છે, અને અનુભવ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે સર્વ જાતનો અનુભવ પ્રાપ્ત કર્યો પછી ખરૂં જ્ઞાન તે પામે છે, અને અંતે અવિનાશી પદ તેવા સાચા અનુભવને લીધે તે પ્રાપ્ત કરી શકે છે. આ ભવમાં જે પ્રાણી મુસલમાન કે પારસી હોય છે તે હવે પછીના ભવમાં હિંદુ કે જૈન તરીકે પણ જન્મે છે, અને તેના અનુભવનો વિસ્તાર કરે છે. આમ હોવાથી કોઈ પણ ધર્મની નિંદા કરવી–તેના સિદ્ધાંતો માટે ટીકા કરવી તે અયુક્ત–ગેરવ્યાજબી છે, અને આવી નિંદા તે તે ધર્મીઓના મનને દુઃખાવનાર–ત્રાસ ઉપજાવનાર હોવાથી હિંસાને નામેજ ઓળખાય છે. કોઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની નિંદા કરવી–ટીકા કરવી તેના રહસ્ય માટે આક્ષેપો કરવા તે ધાર્મિક હિંસાજ છે. અને આવી ટીકા નિંદા જે ધર્મવાળાઓ તરફથી અન્ય ધર્મીઓ માટે કરવામાં આવે છે તે ખરા ધર્મી ગણાયજ નહિ. બ્રાહ્મણો કહેશે કે हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जैनमंदिरं સામો હસ્તી દોડ્યો આવતો હોય–તે મારવા તૈયારી કરતો હોય અને તે સમયે જૈનમંદિર નજીક હોય તો પણ જૈનમંદિરમાં પ્રવેશ કરવો નહિ, આ કેવી ખોટી અને હલકી નિંદા કહેવાય ? આવી જાતની નિંદાથી લાભ કશો થતો નથી. ઉલટી હાનિ થાય છે. આવી નિંદાથી કોઇ પણ ધર્મ-વાળા પોતાનો ધર્મ છાંડી અન્ય ધર્મ આચરતા–ગ્રહણ કરતા નથી. નિંદા એવી વસ્તુ છે કે તે સામાને પોતાના ધર્મમાં ઉલટો વધારે દ્રઢ કરે છે. વળી ધર્મની નિંદાથી મન દુઃખ–ત્રાસ બહુ ઉપજે છે. જો તમારી સમક્ષ તમારા ધર્મની નિંદા કરવામાં આવે તો તમને કેવું દુઃખ થાય. તમારૂં મન કેવું ત્રાસે તેનો વિચાર કરી પછી બીજાના ધર્મની નિંદા કરવાનો વિચાર પણ કરજો. જેને જેની ઇચ્છા હશે તે સ્વતઃ તરત ગ્રહણ કરશે. તૃષાવંતને પાણી પીવાનું કહેવું પડતુંજ નથી. તે સ્વતઃ પાણી માગે છે, તેવીજ રીતે જેને જે ધર્મની તૃષા હશે તે સ્વતઃજ તે ગ્રહણ કરશે.

ખરેખરૂં વિચારવાનું આ ધાર્મિક હિંસાને અંગે છે. જો કોઇને વ્યાપાર કરવો હશે, જોઇન્ટ સ્ટૉક કંપની કાઢવી હશે, શેરો કાઢવા હશે, તો સર્વ કોઇ તેમાં એક થઇ જાય છે, સર્વ તેને સહાય કરે છે. પૈસા–ધનની જ્યાં જ્યાં વાત આવે ત્યાં ધર્મનો બાધ રહેતો નથી. ગમે તે ધર્મવાળો ગમે તેની સાથે રહીને કાર્ય કરવા તત્પર થઇ જાય છે. પૈસાના સંબંધમાં આવી એક્યતા થઇ શકે છે, ત્યારે ધર્મના કાર્યોમાં અરસપરસ નિંદા-ટીકા-આક્ષેપો કેમ કરવામાં આવતા હશે ? જે વસ્તુ રજો અને તમોગુણ ઉત્પન્ન કરનાર છે તે મેળવવામાં સર્વ એકઠા થાય છે તો પછી જે સાત્વિક ગુણનો પોષક છે, જેનાથી આ ભવ અને પરભવ બંને સુધરી શકે છે, અને જે શાંતિ ફેલાવવામાં પરમ ઉત્કૃષ્ટ સાધનરૂપ છે તે ધર્મને પ્રાપ્ત કરવામાં વિક્ષેપો કેમ ઉભા થતા હશે ? કોઈપણ ધર્મની નિંદા કરવી તે ધાર્મિક હિંસાજ છે. આ ધાર્મિક હિંસા કદી સંપની વૃદ્ધિ કરતી નથી. ધર્મને નામે દયા–ક્ષમા–શાંતિ ફેલાવા જોઇએ, તેને નામે સર્વત્ર સંપની વૃદ્ધિ થવી જોઇએ, તેને બદલે ધર્મને નામેજ મારામારી–ખટપટ–જંજાળ તે સર્વ અજ્ઞાનતાનું ચિન્હ છે અને અહિંસાનો ખરો અર્થ નહિ સમજવાથી થયેલી ભુલનું પરિણામ છે. માથે આવેલ ફરજ બજાવવી–સર્વત્ર શાંતિ ફેલાય તેવાં ઉપાયો કરવાં–પણ કોઇની નિંદા કરીને નાહકની ખટપટ ઉભી કરવી તેમાં શું ફાયદો થાય ? દરેક ધર્મનું મૂળ શિક્ષણ કાંઈ પણ ઉત્તમ હોય છે. દરેકમાં કાંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ રહસ્ય રહેલું હોય છે, અને જુદા જુદા ભવમાં તે તે ધર્મમાં અવતરી પ્રત્યેક ધર્મમાં રહેલ ખરા રહસ્યને શીખી સાચો અનુભવ પ્રાપ્ત કરી પ્રાંતે શુદ્ધ ધર્મ આદરી ચીરસ્થાયી સુખ પ્રાણી મેળવી શકે છે, તો પછી જે સ્થિતિ આગલા ભવમાં આપણી થઈ હોય—અગર હવે પછી થવાની હોય તેની નિંદા કરી હિંસાનું પાપ ઉપાર્જન કરવાથી શો લાભ? ધર્મની નિંદાથી એકસંપી તુટી જાય છે; ધર્મ તો શાંતિ ફેલાવનારા થવા જોઇએ તેને બદલે એકસંપી તોડનારા થાય છે તેજ ખેદજનક છે. આપણા હિંદમાં હાલમાં ભ્રાતૃભાવની ખાસ જરૂર છે. સર્વ હિંદવાસી બંધુઓ માંહોમાંહેના ધર્મને નામે ઉપજેલા કલેશ—કંકાસ દૂર મૂકી એક બીજાના ઉપર આક્ષેપો કરતા અટકી એક સંપથી જ્યારે વર્તશે ત્યારેજ ખરા ભ્રાતૃભાવના સિદ્ધાંતનો ફેલાવો થશે અને હિંદની ગૌરવતા—આબાદી પાછી પ્રાપ્ત કરી શકાશે. ધર્મને નામે ધાર્મિક હિંસાની પ્રવૃત્તિ વધી જવાથી અન્યોન્યમાં કુસંપે વાસ કર્યો છે. કોઈ પણ ધર્મના ખરા—મુખ્ય સિદ્ધાંતો તપાસશો તો તે આવો કુસંપ—નિંદા—મનદુઃખ—ત્રાસ—આક્ષેપ વિગેરે હાનિકારક તત્ત્વોને કદી પણ પુષ્ટિ કરનાર દેખાશેજ નહિ. દરેકને ચાહવું—આપણને ધિક્કારે—નિંદે તેને પણ ચાહવું—તે પ્રમાણે વર્તનારજ ખરો ધર્મી પુરૂષ છે. ચાહવું અને સહેવું તેજ ખરો ધર્મ અને સર્વ ધર્મનું રહસ્ય છે. જ્યાં સુધી સર્વને માટે ભ્રાતૃભાવની લાગણી મનમાં ન થાય ત્યાંસુધી ધાર્મિક હિંસા અટકતી નથી, માટે સર્વ કોઈ ધર્મ ઉપરથી આક્ષેપ કરતાં અટકવું, કોઈની નિંદા ન કરવી, આક્ષેપોથી દૂર રહેવું અને સર્વત્ર ભ્રાતૃભાવ ફેલાય, સર્વત્ર ઐક્યતાની વૃદ્ધિ થાય, સર્વ એક બીજાને ચાહતા શીખે ત્યારેજ અત્યારે જે ધાર્મિક હિંસા[1] બહુ થાય છે તે થતી અટકશે, અને "અહિંસા પરમો ધર્મઃ" નો સિદ્ધાંત તેના ખરા રૂપમાં ફેલાશે. અપૂર્ણ.

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

---

૧ નોટ: આનું નામ ધાર્મિક હિંસા આપ્યું છે તે માત્ર ધર્મના સંબંધને લઇને આપ્યું છે. બાકી ખરી ધાર્મિક હિંસા આ નથી. અન્ય ધર્મનું નિંદનીક ભાવ વિના ખરૂં સ્વરૂપ બતાવવું તેનો આમાં સમાસ નથી પણ નિંદનીક ભાવથી જે સ્વરૂપમાં હોય તે કરતાં વિલક્ષણ સ્વરૂપમાં કોઇ પણ ધર્મને ચીતરવો તેનો આમાં સમાસ છે. પરીક્ષક બુદ્ધિએ દરેક ધર્મનું તેના ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણેજ સ્વરૂપ બતાવીને તેની પર્યાલોચના કરવી તે તો વિચક્ષણ મનુષ્યનું કાર્ય છે. તેમ કર્યા સિવાય તો ગોળ ખોળ એક ગણવા રૂપ મૂઢતા પ્રદર્શિત થાય છે. આ વાત ધ્યાનમાં રાખવાની છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# लक्ष्मी सरस्वती संवाद.[1]

એકદા લક્ષ્મીએ સરસ્વતીને કહ્યું કે:—'હે શારદે ! જો હું ન હોઉં તો આ બિચારા લોકોનું શું થાય ? તારાથી તો કંઈ પણ કાર્યસિદ્ધિ થઈ શકે તેમ નથી. કહ્યુ છે કે:—

" बुभुक्षितैर्व्याकरणं न भुज्यते ,
पिपासितैः काव्यरसो न पीयते ।
न छंदसा केनचिदुद्धृतं कुलं ,
हिरण्यमेवार्जय निष्फलाः कलाः " ॥ १ ॥

" ક્ષુધા લાગે ત્યારે વ્યાકરણ ખવાતું નથી, તૃષા લાગતાં કાવ્યરસ પીવાતો નથી, તેમજ પિંગળવડે કોઇએ પોતાના કુળનો ઉદ્ધાર કર્યો નથી, માટે હે મિત્ર ! લક્ષ્મીનોજ સંગ્રહ કર, એ વિના કળાઓ બધી નિષ્ફળ છે. " તેમજ વળી નૂતન કમળપત્રપર રહેવાવાળી એવી લક્ષ્મીની જેનાપર રહેમ નજર છે, તે નિર્ગુણ હોય છતાં ગુણાઢ્ય ગણાયછે, કુરૂપ છતાં તે રમ્ય, મૂર્ખ છતાં બુદ્ધિમાન્, નિર્બળ છતાં શૂર-વીર અને અકુલીન છતાં તેને લોકો કુલીન કહે છે. તેમજ વળી જેઓ વયોવૃદ્ધ છે, જેઓ મહા તપસ્વી (તપોવૃદ્ધ) છે અને જેઓ બહુશ્રુત (જ્ઞાનવૃદ્ધ) એટલે સારૂં જ્ઞાન ધરાવનારા છે તેઓ બધા શ્રીમંતના દ્વાર આગળ કિંકર થઈને બેઠા હોય છે. તથા સારી આકૃતિવાળો અને વિદ્વાન્ હોય છતાં જો તે નિર્ધન હોય તો તે ક્યાંય પણ આદરસત્કાર પામતો નથી, કારણ કે રૂપીઆપર સારી છાપ હોય અને સારા આકારવાળો (ગોળ) હોય છતાં પણ જો તે (રૂપીઓ) ખોટો હોય તો તેનો કોઇ સ્વીકાર કરતું નથી. "

કમળાના આવાં કંપારી છૂટે એવાં વચનો સાંભળીને શારદા તેને કહેવા લાગી:—" હે મુગ્ધે ! આટલા બધા અહંકારથી તું કેમ ઉભરાઇ જાય છે. અહં-કાર પણ જેટલો પોતાને ઘટે તેટલોજ કરવો સુખકર છે. કહ્યું છે કે:-'હે માનિનિ ! તારા કાંતને રૂચે તેટલુંજ માન કર, કારણ કે મોજડી લાખેણી હોય તો પણ તે પગમાંજ પહેરાય છે.' તું બહુ રૂપાળી છતાં તને લોકો હાથ પગમાંજ જોડી રાખે છે. કહ્યું છે કે:—

" लक्ष्मीः सुवर्णरूपापि, पाणिपादेषु योज्यते ।
मूर्द्धन्यतयंतरात्मानं, वर्णरूपापि भारती " ॥ १ ॥

1 શ્રીરત્નમંડન સૂરિકૃત સંવાદસુંદર નામનો એક સંસ્કૃત લઘુ ગ્રંથ છે, તેમાં કેટ-લાક સંવાદો બહુ રસિક તેમજ અસરકારક છે તેમાંનો આ પ્રથમ સંવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'લક્ષ્મી સુવર્ણરૂપ[1] હોવા છતાં લોકો તેને હાથ પગમાં જોડે છે અને ભારતી માત્ર વર્ણરૂપ[2] હોવા છતાં પણ તે અંતરાત્માને શણગારે છે.' વળી નિર્ધન હોય છતાં જો માણસ કળાવાન્ હોય તો તે જનમાન્ય થાય છે અને શ્રીમંત હોય છતાં જો તે કળા વિનાનો હોય તો માન્ય થતો નથી, કારણ કે મહાદેવે કુબેર જેવા ધનપતિને તજી દઇ શશી (ચંદ્રમા) કળાવાન્ હોવાથી તેને મસ્તકપર ધારણ કરેલો છે. વળી કહેવાય છે કેઃ-'રૂપ યૌવનસંપન્ન હોય અને વિશાળ કુળમાં જન્મ પામ્યા હોય, છતાં પણ જો વિદ્યારહિત હોય તો તેઓ નિર્ગંધ કેસુડાંનાં પુષ્પોની જેમ શોભા કે આદર પામતા નથી. વિદ્યાવાન્ સર્વત્ર માનપાત્ર થાય છે, તેમાં લેશમાત્ર આશ્ચર્ય નથી. કારણ કે અક્ષરશ્રેણી સહિત લલાટજ પુંડ્રરેખાથી વિભૂષિત થાય છે. વિચક્ષણ પુરૂષ કદાચ દરિદ્રી હોય તો પણ તે સારો છે, અને સુશાસ્ત્ર રહિત એવો પુરૂષ કદાચ શ્રીમાન્ હોય છતાં તે વસ્તુતાએ સારો નથી. કારણ કે કાર્પટિક (એક પ્રકારનો બાવો) વિચક્ષણ હોવાથી શોભા પામે છે-માન પામે છે અને મૂર્ખ અલંકારોથી અલંકૃત હોય છતાં તે શોભતો નથી-માન પામતો નથી. હે લક્ષ્મી ! તું પોતેજ વિચાર કર કે, તારા અને મારા ગુણોમાં કેટલો બધો તફાવત છે ? જો ! તારામાં આ પ્રકારના સ્વાભાવિક ગુણો રહેલા છે કેઃ—

"निर्दयत्वमहंकार--स्तृष्णा कर्कशभाषणम् ।
नीचपात्रप्रियत्वं च, पंच श्रीसहचारिणः" ॥ १ ॥

'નિર્દયતા, અહંકાર, તૃષ્ણા, કઠોર ભાષણ અને નીચ પાત્રની પ્રિયતા-આ પાંચ ગુણો નહિ પણ દુર્ગુણો હે કમલા ! તારી સાથે નિરંતર જોડાયેલા હોય છે.' અને મારામાં આવા પ્રકારના સ્વાભાવિક ગુણો રહેલા છેઃ—

"सद्गतिः सत्कवित्वं च, वैदुष्यं राज्यमान्यता ।
पद्मावासश्च पंचामी, वाग्देवीसहचारिणः" ॥ १ ॥

"સદ્ગતિ, સતકવિત્વ, વિદ્વત્તા, રાજ્યમાં સન્માન અને પદ્મમાં આવાસ-એ પાંચ ગુણો હંમેશના મારા સહચારી છે." આમ હોવા છતાં અત્યારે સ્વપરના દોષ પ્રગટ કરવામાં શું વિશેષતા છે ? ચાલ આપણે રાજસભામાં જઇએ, ત્યાં પોતાની મેળે વિવાદનો નિર્ણય થઇ જશે." આટલું કહીને સરસ્વતી અને લક્ષ્મી બંને રાજસભામાં ગયા અને ત્યાં જઇને પોતાના વિવાદનો નિર્ણય કરવાની વિજ્ઞપ્તિ કરી. તે વખતે ત્યાં કેટલાક લક્ષ્મીના પરમ ભક્તો બેઠા હતા તેઓ આ પ્રમાણે બોલ્યા—"અમને તો લક્ષ્મીનો રંગ્યાકારજ ઘણા કાળથી પસંદ છે,

૧ સોનારૂપ. ૨ અક્ષરરૂપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે પરમશ્રેયસ્કરી એવી હરિપ્રિયા ( લક્ષ્મી ) નિરંતર અમારા પર પ્રસન્ન રહો, બીજા દેવ દેવીઓની આરાધના કરવાથી શું ? કહ્યું છે કે:—

" आलस्यं स्थिरतामुपैति भजते चापल्यमुद्योगितां,
मूकत्वं मितभाषितां वितनुते मौग्ध्यं भवेदार्जवम् ।
पात्रापात्रविचारसारविरहो यच्छत्युदाराशयतां,
मातर्लक्ष्मि तव प्रसादवशतो दोषा अपि स्युर्गुणाः "

" હે લક્ષ્મી માતા ! તારા પૂર્ણપ્રસાદથી માણસોના દોષો પણ આ પ્રમાણે ગુણના રૂપમાં ફેરવાઇ જાય છે—આલસ્ય સ્થિરપણામાં લેખાય છે, ચપલતા ઉદ્યોગમાં ગણાય છે, મુંગાપણું મિતભાષણમાં લેખાય છે, મૂર્ખાઈ સરલતામાં સમજાય છે અને પાત્રાપાત્રના વિચારનો અભાવ ઉદારતામાં ગણાય છે. " વળી " કોપ તેજરૂપે ભાસે છે, સફાઇ કે સ્વચ્છંદતા અણસમજણરૂપે ગણાય છે, કપટ વ્યવહારની કુશલતા સૂચવે છે, દુષ્ટ ચેષ્ટા ક્રીડાના રૂપમાં ગણાય છે અને દુર્જનતા એ સ્પષ્ટભાષીપણામાં ખપે છે. " આ પ્રમાણે જેની અમી નજરથી માણસોના દોષો પણ લોકોને ગુણ જેવા જોવામાં આવે છે તે લક્ષ્મીદેવીને નમસ્કાર થાઓ. વળી હે લક્ષ્મી ! જે યમની જેમ તિરસ્કારપૂર્વક ધન આપે છે, એવા શ્રીમાનની પણ માણસો તારા માટે સેવા કરે છે. "

લક્ષ્મીના ભક્તોનું આવું ભાષણ સાંભળીને સભામાં બેઠેલા ભારતીના ભવ્ય ભક્તો જેમણે શ્રેષ્ઠ સરસ્વતીના રસનો આસ્વાદ લીધો હતો તેઓ કહેવા લાગ્યા કે:-" ત્રણ ભુવનમાં પણ એવી કઇ વસ્તુ છે કે જે ભારતી દેવીની સમાનતા કરી શકે ? કહ્યું છે કે:—

" विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं,
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतं,
विद्या राजसु पूजिता न हि धनं विद्याविहीनः पशुः "

" વિદ્યા એ માણસનું શ્રેષ્ઠ રૂપ છે, તે કોઇથી ન જોઇ શકાય એવું ગુપ્ત ધન છે, ભોગ, યશ અને સુખ એ ત્રણે વિદ્યાયોગે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે, વિદ્યા મોટાઓ કરતાં પણ મોટી અથવા ગુરૂઓની પણ ગુરૂ છે, પરદેશગમનમાં વિદ્યા બંધુના જેટલી મદદ કરે છે, એ મોટામાં મોટું દૈવત છે અને વિદ્યા રાજાઓમાં પણ વધારે માનપાત્ર પૂજિત થાય છે, ધનની અર્ચા ત્યાં થતી નથી. આવી સદ્ગુણશાલિની વિદ્યાથી જે વિભૂષિત નથી તે પશુસમાન છે. " હે સરસ્વતી દેવી ! લક્ષ્મીની સાથે જેઓ તારી તુલના કરવા તૈયાર થાય છે

For Private And Personal Use Only

તેઓ મહામૂઢ છે; કારણકે તારી સહાયતાથીજ વિવેક પ્રાપ્ત થાય છે, વિવેકથી સુકૃત પ્રાપ્ત થાય છે અને સુકૃતથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. સમુદ્રની સુતા લક્ષ્મી ભલે ભારતી ઉપર દ્વેષ ધરે, પરંતુ અક્ષય ખજાનો તો સાક્ષાત્ સરસ્વતીનોજ દેખાય છે, લક્ષ્મીનો નહિં."

સરસ્વતી ભક્તની આવી વાણી સાંભળીને ગંગા યમુનાના પ્રવાહનો મેલાપ કરાવવામાં પ્રયાગતીર્થ જેવા કેટલાક લક્ષ્મી અને સરસ્વતી બંનેના સ્વાદને ચાખનારા એટલે બંનેના ઉપાસકો બોલ્યા—"ભાઇઓ ! તમે તાણાતાણી શામાટે કરો છો ? એ બંને ચીજ રમણીય છે. કહ્યું છે કે:—

"राजमान्यं धनाढ्यं च, विद्यावंतं तपस्विनम् ।
रणे शूरं च दातारं, लघुं वृद्धतया विदुः" ॥

"જે રાજમાન્ય હોય, ધનવંત હોય, વિદ્યાવંત હોય, તપસ્વી હોય, સંગ્રામમાં શૂરતા દેખાડનાર હોય અને દાતાર હોય—આટલા માણસો અવસ્થાએ નાના હોય છતાં તેમને મોટા કરીને માનવા—અર્થાત્ મોટા સમજવા."

આ પ્રમાણે વાત ચાલે છે તેવામાં કેટલાક મૂર્ખ અને નિર્ધન જનો કોપ કરીને બોલ્યા કે:—"એ બંનેના શિરપર ભ્રષ્ટતા રહેલી છે. તેથી તેમના વખાણ કરવા તેજ વૃથા છે. કહ્યું છે કે:—

"लक्ष्मीर्लक्षणहीनस्य, जातिहीनस्य भारती ।
कुपात्रे रमते नारी, गिरौ वर्षति माधवः ॥"

"લક્ષણહીન માણસને લક્ષ્મી આવીને ભેટે છે અને જાતિહીન એટલે નીચને વિદ્યા ભેટે છે; સ્ત્રી કુપાત્ર સાથે ક્રીડા કરે છે અને વરસાદ પર્વત પર જઈને વરસે છે."

આ પ્રમાણે જ્યારે રાજસભામાં પણ તેમનો વિવાદ ભાંગ્યો નહિ, ત્યારે તેમણે વિચાર કર્યો કે:—'આપણો આ વિવાદ માણસોથી ભાંગી શકાશે નહિ, માટે આપણે ભગવંત બ્રહ્મદેવ પાસે જઈએ." આ પ્રમાણે વિચાર કરી તે બંને દેવલોકમાં ગઇ, એટલે સિંહાસનસ્થ બ્રહ્માએ તરતજ તેમને બોલાવી અને કહ્યું કે:—"હે વત્સે ! તમે બંને એકલી આટલે દૂર શા માટે આવી?" આ પ્રમાણે સાંભળીને તે કહેવા લાગી:—'હે ભગવન્ ! અમારા બંનેની એક તકરારનો અંત લાવો, તમને અમારા બંનેમાં ગુણોથી ચઢીયાતી કોણ લાગે છે ?' બ્રહ્માએ વિચાર કરીને કહ્યું કે:—"હે લક્ષ્મી અને સરસ્વતી ! **જો તમારી સાથે એક વિવેક હોય તો તમે બંને સારી છો.**" કહ્યું છે કે:—

"गलन्मौनं ज्ञानं वितरणकलं चित्तपटलं,
नयमाज्यं राज्यं प्रगुणविनयः सद्गुणचयः ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ससन्मानं दानं मधुरमहिमा वाक्यगरिमा,
नराणामेकेन प्रभवति विवेकेन नियतम् ॥"

"માણસોમાં જ્યારે એક વિવેકનું આગમન થાય છે ત્યારે તેના યોગે તેના જ્ઞાનમાં વક્તૃત્વ બળ આવે છે; મનને આવી ગયેલ પડલ દૂર થાય છે એટલે ખોટા વ્હેમ અને મિથ્યાત્વમાં તણાતું મન સ્વચ્છ થાય છે, રાજ્ય ન્યાયયુક્ત થાય છે, સદ્ગુણોમાં વિનય આવીને ભળે છે, આદરપૂર્વક દાન અપવાની મતિ થાય છે, સર્વત્ર મહિમા વિસ્તરે છે અને બોલવામાં વજન પડે છે એટલે તેનું બોલવું પ્રમાણ થાય છે." જો વિવેક તમારી સાથે નહીં હોય તો લવણ વિનાની રસોઈ અને લાવણ્ય વિનાની નવયૌવના જેમ મનોહારિણી લાગતી નથી, તેમ તમારા બંનેમાંથી એક પણ મનોહર લાગવાની નથી અર્થાત્ ગુણવિનાની છો. તેમાં પણ લક્ષ્મી પુણ્યવંત માણસોને શુભ છે અને કૃપણ માણસોને તે અશુભ છે. કારણકે:–' પ્રાય: ક્ષત્રીયો શસ્ત્ર, અશ્વ અને બંદીજનોમાં ધનનો વ્યય કરે છે, વેશ્યાઓ શૃંગારમાં, વણિકો કરિયાણામાં, ખેડૂતો ખેતીમાં, પાપીઓ મધુમાંસમાં, વ્યસનીઓ પરસ્ત્રી, દ્યૂત કે મદ્યાદિકમાં, કૃપણો પાતાલમાં[1] અને પુણ્યવંત પુરૂષો તીર્થયાત્રાદિકમાં ધનનો વ્યય કરે છે. એજ પ્રમાણે સરસ્વતી પણ પુણ્યવંતને શુભ છે અને નટાદિકને અશુભ છે. કહ્યું છે કે:—

"वाङ्मात्रसाराः परमार्थशून्या,
न दुर्लभाश्चित्रकथा मनुष्याः ।
ते दुर्लभा ये जगतो हिताय,
धर्मे स्थिता धर्ममुदाहरंति" ॥

"મીઠું મીઠું બોલી આશ્ચર્યકારી વાતો કરનારા પણ પરમાર્થશૂન્ય એવા માણસો દુનિયામાં દુર્લભ નથી (પુષ્કળ છે,) પરંતુ જેઓ પોતે ધર્મમાં અડગ રહીને જગતના હિતને માટે ધર્મને ઉપદિશે છે એવા નરરત્નોજ આ વસુધાપર વિરલા છે." બંને પક્ષમાં શુભાશુભપણામાં મુખ્ય કારણ કેવલ **વિવેકનો** ભાવાભાવ–સદ્ભાવ અને અભાવજ છે.

ઉપર પ્રમાણેના પ્રશ્નના ઉત્તરને વ્યક્ત કરનાર એક કાવ્ય છે તે નીચેપ્રમાણે:–

"गतिज्ञा अपि पंडिता अपि ममैवाश्रः स्थिताः सर्वदा,
श्रीमंतोपि मया विना पशुसमास्तस्मादहं श्रेयसी ।
श्रीवाग्देवतयोरसूनि वचनान्याकर्ण्य वेधाश्चिरा-
द्वे श्लाघ्यतमे उभे अपि भवत्येको विवेको यदि" ॥

૧ કૃપણો લક્ષ્મીને ભૂમિમાં દાટી રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" લક્ષ્મી કહે છે કે—' મોટા મોટા પંડિતો પણ નિરંતર મને મેળવવા માટે અન્યની ખુશામત કરે છે અર્થાત્ મારી તાબેદારી કરે છે.' અને શારદા કહે છે કે- ' શ્રીમંતો પણ એક મારા વિના પશુ જેવા છે માટે હું શ્રેષ્ઠ છું ' આ પ્રમાણે લક્ષ્મી અને શારદાના પોતપોતાના વખાણુના શબ્દો સાંભળી બ્રહ્મા બોલ્યા કે—" જો તમારામાં એક વિવેક હોય તો તમે બંને વખાણવા લાયક છો અને તે વિના તમે બંને નિષ્ફલ છો. "

આ પ્રમાણે વિધાતાથી તેમનો વિવાદ ભગ્ન થતાં તેઓ બંને પોતપોતાને સ્થાને ગઈ, પરંતુ સ્ત્રી સ્વભાવની અધમતાથી તેઓ બંને અદ્યાપિ પરસ્પરનો ઇર્ષ્યાભાવ છોડતી નથી. જ્યાં ભારતી દેવીનો વાસ હોય છે ત્યાં પ્રાયઃ લક્ષ્મીદેવી પગ દેતી નથી, અર્થાત્ ત્યાં આવતી નથી. કહ્યું છે કે:—

" लक्ष्मीर्यादोनिधेर्यादो, नादो वादोचितं वचः ।
बिभ्यती धीवरेभ्यो य—ज्जलेष्वेव निमज्जति " ॥ १ ॥

"લક્ષ્મી એ સમુદ્રનું એક જલજંતુ છે, એ વાદોચિત વચન નથી ? સાચું છે; કારણ કે ધીવર ( ધીમંત ) પુરૂષોથી તે ભય પામતી હોવાથી જલ ( જડ ) માંજ ડુબેલી રહે છે. "

( આ પ્રમાણેજ જ્યાં લક્ષ્મીનો બહુ નિવાસ હોય છે ત્યાં સરસ્વતી પણ પ્રાયે આગમન કરતી નથી. ) ઇત્યલંવિસ્તરેણ.

॥ इति शारदापद्मयोः संवादः ॥

## પુસ્તકોની પહોંચ.

### मृगांकलेखा.

આ બુક હિંદી ભાષામાં **મુનિમહારાજશ્રી વલ્લભવિજયજીના** શિષ્ય **મુનિરાજશ્રી વિમળવિજયે** લખેલા ચતુરંકી નાટકની હાલમાંજ બહાર પડેલી છે. આર્થિક સહાય **સુરત** નિવાસી સુપ્રસિદ્ધ **શેઠ નગીનચંદ કપૂરચંદ ઝવેરીના** સુપુત્રોએ આપેલી છે. અને તે સાધુ સાધ્વીઓને ભેટ આપવામાં આવે છે. ભેટ મેળવવા ઇચ્છનારે આર્થિક સહાયકની ઉપર ' સુરત–ગોપીપુરા ' કરીને પત્ર લખવો. અન્ય ઇચ્છકો માટે કિંમત માત્ર છ આના રાખી છે. બુક ખાસ વાંચવા લાયક છે. લેખ ઉત્તમ છે, અસરકારક ઢબમાં લખવામાં આવેલ છે. ચરિત્રને આવી રીતે નાટકની ઢબમાં મૂકવાનો આ પ્રથમ પ્રયત્ન છે. હિંદી ભાષાના અભ્યાસીઓને પણ લાભ મળી શકે તેટલા માટે ભાષા હિંદી અને ટાઇપ શાસ્ત્રી રાખવામાં આવેલા છે. મૂળ ચરિત્રજ બહુ અસરકારક છે. સ્ત્રીવર્ગ માટે ખાસ આભૂષણ તુલ્ય છે. દરેક ભાઈઓએ, સંસ્થાઓએ તેમજ લાઇબ્રેરીવાહકોએ સંગ્રહ કરવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી અજારાપાર્શ્વનાથ વિગેરે પંચતીર્થી મહાત્મ્ય અને તેના જીર્ણોદ્ધારનો દ્વિતીય રિપોર્ટ.

આ રીપોર્ટ સં. ૧૯૬૯ના શ્રાવણ શુદિ ૧ થી સં. ૧૯૭૧ના અશાડ વદ ૦)) સુધીનો છે. તે શ્રી રાજકોટ નિવાસી **દોશી ગોવર્ધનદાસ પુરૂષોત્તમદાસની** આર્થિક સહાયથી ઉના નિવાસી **વકીલ મુરારજી રઘુભાઈએ** તૈયાર કરેલો છે. તીર્થોનો રીપોર્ટ આવા પ્રકારનો આ પહેલ વહેલોજ બહાર પડ્યો છે. આ રીપોર્ટની અંદરએ પંચતીર્થીના દરેક તીર્થની ઉત્પત્તિ અને દરેક પ્રતિમાજી ઉપરના તેમજ અન્ય જે લેખોછે તેનો સંગ્રહછે. બીજી પણ ઉપયોગી બાબતોનો સમાવેશ કરેલો છે. રીપોર્ટ ખાસ વાંચવા લાયક છે. પાછળના ભાગમાં જીર્ણોદ્ધાર સંબંધી ખર્ચનો હિસાબ આપેલો છે. હિસાબની ચોખાઈ સારી રાખેલી છે. તેની હકીકત વાંચતાં ઉદાર દિલના ગૃહસ્થોએ ખાસ સહાય આપવા લાયક છે. કાર્ય અપૂર્ણ રહેલું છે તે પૂરૂં થાય તેમ કરવાની આપણી ફરજ છે. આ અત્યુત્તમ કાર્યમાં વકીલ મુરારજી રઘુભાઇનો પ્રયાસ પ્રશંસા પાત્ર છે. રીપોર્ટ મંગાવવા માટે તેમના ઉપર લખવું અને બનતી સહાય કરવી. રીપોર્ટો દરેક તીર્થના આવી રીતના તમામ ઐતિહાસિક સાચવી રાખવા લાયક હકીકત સહિત બહાર પડવાની જરૂર છે, કારણ કે શાસ્ત્રલેખોની સાથે શિલાલેખોનો મુકાબલો ઘણો ઉપયોગી અને સત્યતાની સાબીતી આપનાર થઈ પડે છે.

## શ્રી સમેતશિખરજીની યાત્રાની વિશેષ સગવડ.

શ્રી સમેતશિખર મહાતીર્થની યાત્રા કરનારાઓ આજ સુધી **ગીરડી** સ્ટેશન ઉતરી **મધુવન** ગાડીઓમાં જતા હતા, તેમાં લંબાણુ ફેરો થતો હતો. અને કાળક્ષેપ પણ વધારે થતો હતો. હાલમાં તેને માટે બહુ સારી સગવડ થઇ છે. દીલ્હીથી કલકત્તે જતાં માર્ગમાં **ઈસરી** સ્ટેશન આવે છે. ત્યાંથી મધુવન જવાની મોટી મોટરકાર થયેલી છે. તે એક કલાકે મધુવન પહોંચાડે છે. તેની અંદર ૨૫ થી ૩૦ માણસ બેસી શકે છે. તેનું ભાડું દરેક ઉતારૂને માટે નીચે પ્રમાણે રાખેલ છે.

ત્રીજો કલાસ રૂ. ૧॥ વજન શેર ૨૦ પહેલો કલાસ રૂ. ૪) વજન શેર ૮૦
બીજો કલાસ રૂ. ૨॥ વજન શેર ૪૦ વધારાના બોજાના મણ ૧ ના રૂ. ૦॥≈

ક્રીસ્ટમસના દિવસમાં અડધા ભાડાથી પણ ટીકીટ મળી શકે છે.

ઉપર પ્રમાણેના સમાચાર મધુવન જૈનશ્વેતાંબર કોઠીના એજંટ દેવનાથસિંહ તરફથી લખાઇ આવતાં પ્રકટ કરવામાં આવેલા છે. આ મહાતીર્થની યાત્રાનો લાભ **દરેક જૈન બંધુએ અવશ્ય લેવા લાયકછે. મનુષ્ય જન્મ સફળ કરવાનું એ પરમ સાધન છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મેમ્બરોને અમૂલ્ય લાભ.

આ સભાના સર્વે મેમ્બરોને 'શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત' શ્રી શીયાંગામ નિવાસી શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસની આર્થીક સહાયથી બહાર પડેલ છે, તેની એકેક નકલ આપવાનું તેમના સદ્વિચારને લઇને મુકરર કરવામાં આવ્યું છે. આ બુક વાંચતાં અત્યંત આલ્હાદ આપે તેવી છે. પાકા બાઈડીંગથી બંધાવેલી છે. જે સભાસદોએ ચાલુ વર્ષની ફી મોકલેલી હોય તેમણે પોસ્ટેજના અઢી આના મોકલીને મંગાવી લેવી. બીજા મેમ્બરોને ફીની રકમ સાથે વેલ્યુ-પેબલથી મોકલવામાં આવશે.

આ શિવાય મેમ્બરોને બીજી એક બુક **યુગાદિદેશના ભાષાંતરની** પણ ભેટ મળવાની છે. તે છપાય છે. તૈયાર થયેથી મોકલવામાં આવશે.

મેમ્બરોએ વેલ્યુ૦ પાછું ન ફેરવવાનું ધ્યાનમાં રાખવું.

---

## अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

### ૧. તરતમાં બહાર પાડવાના ગ્રંથો.

૧ શ્રી અધ્યાત્મસાર. પં. ગંભીરવિજયજી કૃત ટીકા યુક્ત.
૨ શ્રી અધ્યાત્મસાર મૂળ, મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત.

### ૨. છપાય છે.

૩ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી કૃત ટીકા યુક્ત.
૪ શ્રી ઉપદેશ સપ્તતિકા. સ્વોપજ્ઞ ટીકા યુક્ત.
૫ શ્રી કર્મગ્રંથ ઉપરની નોટ, સમજુતિ, બાસઠીઆ, યંત્રો વિગેરે.
૬ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯ (આવૃત્તિ ૨ જી.)
૭ શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત પદ્યબંધ.
૮ શ્રી યુગાદિદેશના ભાષાંતર.
૯ પોસહ વિધિ. (આવૃત્તિ ૪ થી)

### ૩. તરતમાં છપાવા શરૂ થશે.

૧૦ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૨ જો. (સ્થંભ ૭ થી ૧૨)

### ૪. નીચેના ગ્રંથો તૈયાર થાય છે.

૧૧ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.
૧૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩-૪. સ્થંભ ૧૩ થી ૨૪.
૧૩ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર.
૧૪ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. (ગુજરાતી ભાષામાં)
૧૫ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૬ શ્રી હીર સૌભાગ્ય કાવ્ય ભાષાંતર.

બીજા બે ત્રણ નાના નાના ચરિત્રોના ભાષાંતર જુદા જુદા ગૃહસ્થો તરફથી તૈયાર કરાવવામાં આવે છે. તેના નામો હવે પછી બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલમાં બહાર પડેલ છે.

## श्री सूक्ष्मार्थ सारोद्धार सार्धशतक. सटीक.

આ ગ્રંથમાં કર્મ સંબંધી વિષય બહુ ઉત્તમ પ્રકારે ચર્ચેલો છે, મૂળ ગાથાઓ દોઢસો હોવાથી તેનું નામ સાર્થક છે. મૂળકર્ત્તા **શ્રીજિનવલ્લભ સૂરિ** છે. ટીકાના કર્ત્તા શ્રી ધનેશ્વર સૂરિ છે. એકંદર ૩૮૦૦ શ્લોક પ્રમાણ છે. તે મુનિરાજશ્રી મોહનવિજયજી ( પંન્યાસજી કમળવિજયજીના શિષ્ય ) ના ઉપદેશથી શ્રીકુકડીવાળા **શ્રાવક મુળચંદ ભલાજીની** આર્થિક સહાયથી અમે છપાવીને બહાર પાડેલ છે. શુદ્ધ કરવાના સંબંધમાં **પંન્યાસ આણંદસાગરજીએ** પ્રયાસ કરેલો છે. કર્મગ્રંથના અભ્યાસી સંસ્કૃતના બોધવાળા સાધુ સાધ્વીને ભેટ આપવાનો છે. માત્ર પોતાના ગુરૂદ્વારા મંગાવવાની અમારી વિજ્ઞપ્તિ છે. લખેલા પુસ્તકોના ભંડાર ખાતે પણ ભેટ આપવાનો છે, અન્ય તેના ઇચ્છક માટે કિંમત રૂ. ૧) રાખેલ છે. પોસ્ટેજ બે આના જુદું સમજવું. અવશ્ય લાભ લેવા લાયક ગ્રંથ છે.

## શ્રીપાળરાજાનો રાસ. અર્થ રહસ્ય યુક્ત.

**શ્રીમીયાંગામ નિવાસી શેઠ નેમચંદભાઈ પીતાંબરદાસની** આર્થિક સહાયથી આ રાસ ગુજરાતી ટાઇપથી બુકાકારે બહાર પાડેલ છે. મૂળ અને અર્થ લખ્યા બાદ તેનું રહસ્ય બહુ સારી રીતે બતાવવામાં આવેલું છે. વાંચનારને બહુ ઉપકારક થાય તેમ છે. બુકના પાછળના ભાગમાં **નવપદ ઓળીની વિધિ** ઘણા વિસ્તારથી આપેલ છે. આરંભમાં અનુક્રમણિકા પણ વિસ્તૃત લખેલી છે. કિંમત રાખવામાં આવેલ નથી. જાહેર સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. તેમણે પોસ્ટેજ રૂા. ૦–૨–૬ મોકલવા. ભેટ મંગાવવા ઇચ્છનારે મીયાંગામ પત્ર ન લખતાં અમારી તરફજ લખવું.

**તંત્રી.**

## ખાસ ખરીદ કરવા લાયક નવા પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | આનંદઘન પદરત્નાવળી. ( ૫૦ પદનું વિવેચન ) | ૨–૦–૦ |
| ૨ | જૈન દ્રષ્ટિએ યોગ. | ૦–૮–૦ |
| ૩ | પઉમ ચરિયમ્ ( પદ્મ–રામચંદ્ર ચરિત્ર ) માગધી. | ૨–૮–૦ |
| ૪ | ઉપદેશ માળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. | ૦–૮–૦ |
| ૫ | જંબૂદ્વીપ સંગ્રહણી સટીક. | ૦–૪–૦ |
| ૬ | જ્ઞાનપંચમી. ( અતિ ઉપયોગી બુક ). | ૦–૮–૦ |
| ૭ | ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. સ્થંભ. ૬ | ૧–૮–૦ |
| ૮ | ચૈત્યવંદન ચોવીશી. સુધારેલી આવૃત્તિ. | ૦–૩–૦ |
| ૯ | શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત. ગદ્યબંધ. | ૧–૦–૦ |

For Private And Personal Use Only